અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ઓગસ્ટ ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ ચૌદસ | અંક : ૨૧ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મોટી સંખ્યામાં મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે લાલ કિલ્લા ખાતે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે

## દેશભરમાંથી લગભગ ૧,૮૦૦ લોકોને લાલ કિલ્લા પર વિશેષ અતિથિ તરીકે ઉજવણીનો ભાગ બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે

। નવી દિલ્હી, તા.૧૪ ।

૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવશે. તેઓ ઐતિહાસિક સ્મારકના કિનારેથી રાષ્ટ્રને સંબોધિત કરશે. 'આઝાદી કે અમૃત મહોત્સવ' સમારોહ આ વર્ષના સ્વતંત્રતા દિવસ પર પૂર્ણ થશે. પ્રધાનમંત્રીએ આની શરૂઆત ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ ગુજરાતમાં આવેલા સાબરમતી આશ્રમથી કરી હતી. તો હવે ફરી એક વાર તેએ દેશને 'અમૃત કાલ'ની યાદ અપાવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મોટી સંખ્યામાં મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. જોકે, આ વખતે જ્યારે પ્રધાનમંત્રી ત્રિરંગો ફરકાવશે ત્યારે ૨ મહિલા તેમની સાથે પડછાયાની જેમ ચાલશે. આ બંને રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં પ્રધાનમંત્રીને મદદ કરશે. આ બંને મહિલાઓનું નામ મેજર નિકિતા નાયર અને મેજર જાસ્મીન કૌર છે. તેઓ લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં પ્રધાનમંત્રીને મદદ કરશે. આનાથી વિશિષ્ટ ૮,૭૧૧ ફિલ્ડ બેટરી (સેરેમોનિયલ)ના બહાદુર બંદૂકધારી ૨૧ તોપની સલામીની સાથે સિક્રોનાઈઝ્ડ કરશે. લેફ્ટનન્ટ કર્નલ વિકાસકુમાર સેરેમોનિયલ બેટરીનું કમાન સંભાળશે.



જ્યારે ગન પોઝિશન ઑફિસર નાયબ સુબેદાર અનૂપ સિંહ હશે. દેશભરમાંથી લગભગ ૧,૮૦૦ લોકોને લાલ કિલ્લા પર વિશેષ અતિથિ તરીકે ઉજવણીનો ભાગ બનવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. સરકારના 'જનભાગીદારી' અભિગમને અનુરૂપ આ પહેલ કરવામાં આવી છે. આ વિશેષ અતિથિઓમાં ૬૬૦થી વધુ વાઈબ્રન્ટ ગામોના ૪૦૦થી વધુ સરપંચ, ખેડૂત ઉત્પાદક સંગઠન યોજના સાથે જોડાયેલા ૨૫૦ લોકો, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના ૫૦-૫૦ લોકો ભાગ લેશે. આ અંગે સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ૫૦-૫૦ ખાદી કામદારો, સરહદી રસ્તાઓનું નિર્માણ, અમૃત સરોવર અને હર ઘર જલ યોજના સાથે જોડાયેલા લોકો તેમ જ ૫૦-૫૦ પ્રાથમિક શાળાના શિક્ષકો, નર્સીઝ અને માછીમારો પણ આ વિશેષ અતિથિઓમાં સામેલ છે. આમાંના કેટલાક પ્રતિષ્ઠિત મહેમાનો રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાત લેવાના છે અને દિલ્હીમાં તેમના રોકાણ દરમિયાન સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટને મળવાના છે. તમામ સત્તાવાર આમંત્રણો આમંત્રણ પોર્ટલ દ્વારા ઓનલાઈન મોકલવામાં આવ્યા છે. પોર્ટલ દ્વારા ૧૭,૦૦૦ ઈ-આમંત્રણ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જ્યારે લાલ કિલ્લા પર પહોંચશે. ત્યાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય પ્રધાન અજય ભટ્ટ અને સંરક્ષણ સચિવ ગિરિધર અરામને પ્રધાનમત્રીનું સ્વાગત કરશે. સંરક્ષણ સચિવ જનરલ ઑફિસર કમાન્ડિંગ દિલ્હી એરિયા, લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠનો પ્રધાનમંત્રી સાથે પરિચય કરાવશે. ત્યારબાદ જીઓસીઁસ નરેન્દ્ર મોદીને સલામી બેઝ પર લઈ જશે. અહીં સંયુક્ત ઈન્ટર-સર્વિસ અને દિલ્હી પોલીસ ગાર્ડ પ્રધાનમંત્રીને સલામી આપશે. ત્યારબાદ પ્રધાનમંત્રી ગાર્ડ ઑફ ઓનરનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી લાલ કિલ્લાના કિલ્લા તરફ આગળ વધશે, જ્યાં તેમનું સ્વાગત સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્ય મંત્રી અજય ભટ્ટ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, આર્મી ચીફ જનરલ મનોજ પાંડે, નેવી ચીફ એડમિરલ આર. હરિ કુમાર અને એરફોર્સ ચીફ માર્શલ વીઆર ચૌધરી કરશે.

### સ્વતંત્રતા દિવસ પહેલાં જમ્મુ-કાશ્મીરમાં નવી તસવીરો જોવા મળી

# સોપોર અને કિશ્તવાડમાં હિઝબુલ આતંકીઓના પરિવારે લહેરાવ્યો તિરંગો

। જમ્મુ, તા.૧૪ ।

સ્વતંત્રતા દિવસ પહેલાં જમ્મુ-કાશ્મીરમાં નવી તસવીરો જોવા મળી છે. હિઝબુલ મુઝાહિદ્દીનના બે આતંકીઓના પરિવારોએ હર ઘર તિરંગા અભિયાનમાં ભાગ લીધો હતો. ઉત્તર કાશ્મીરના સોપોરમાં હિઝબુલ મુઝાહિદ્દીનના આતંકી જાવેદ મટ્ટુના ભાઈએ પોતાના ઘરે તિરંગો ફરકાવ્યો હતો. તો જમ્મુના કિશ્તવાડમાં આતંકી મુદસ્સિર હુસૈનના પરિવારે પણ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. સાથે જ કેન્દ્ર સરકારને અપીલ કરી હતી કે, તેમના દીકરાને શોધી કાઢવામાં આવે. જાવેદ મટ્ટુના ભાઈ રઈસ મટ્ટુએ પોતાના ઘરે તિરંગો ફરકાવ્યો હતો. જાવેદ હિઝબુલ મુઝાહિદ્દીનનો સક્રીય આતંકી છે. તે આમ તો હાલ પાકિસ્તાનમાં છે. છેલ્લાં ૧૧ વર્ષથી તે પાકિસ્તાનમાં સક્રીય છે. આ સિવાય ડલ લેકથી લઈને લાલ ચોક સુધી દેશભક્તિના રંગમાં ઘાટી રંગાયેલી જોવા મળી હતી. કાશ્મીરમાં પણ તિરંગા રેલી યોજાઈ હતી. હિઝબુલ મુઝાહિદ્દીનના આતંકવાદી મુદસ્સિર હુસૈનના પરિવારે કિશ્તવાડ જિલ્લામાં પોતાના ઘરે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો. આ રીતે આ પરિવાર સ્વતંત્રતા દિવસ પહેલાં પીએમ મોદી દ્વારા તિરંગો ફરકાવવા માટે શરુ કરવામાં આવેલા અભિયાન હર ઘર તિરંગા અભિયાનમાં સામેલ થયો હતો. હુસૈનના પિતા તારીકે પહાડી જિલ્લાના સુદૂર દચ્છન વિસ્તારમાં કહ્યું કે, મારા દીકરાએ ખોટો રસ્તો અપનાવ્યો છે. અમારા દીકરાને શોધી કાઢવા માટે અમે સરકારને વિનંતી કરીએ છીએ. તારીકે કહ્યું કે, અમે અમારા ઘરે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો છે અને ઈચ્છીએ છીએ કે દરેક ઘરે તિરંગો ફરકાવવામાં આવે. હુસૈનની માતાએ કહ્યું કે, તે ઈચ્છે છે કે તેમનો દીકરો પરત આવી જાય અને સરક્ષાબળો સામે આત્મસમર્પણ કરી દે.



### પાકિસ્તાની મહિલા પ્રેમી પાસે રહેવા ભારત આવી છે

# સીમા હૈદરે પતિ સચિન સાથે મળીને ઘર પર તિરંગો લહેરાવ્યો

## સીમાએ પોતાના ઘરે તિરંગો લહેરાવીને ભારત માતા કી જય અને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવ્યા

। નોઈડા, તા.૧૪' ।

હર ઘર તિરંગા' અભિયાન હેઠળ પાકિસ્તાની મહિલા સીમા હૈદરે રબુપુરા સ્થિત પોતાના ઘર પર તિરંગો લહેરાવ્યો છે. આ દરમિયાન તેમનો પતિ સચિન અને એડવોકેટ એ.પી.સિંહ પણ હાજર રહ્યા હતા. આ સાથે જ સીમાએ 'પાકિસ્તાન મુર્દાબાદ, હિન્દુસ્તાન જિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.સીમાએ પોતાના ઘરે તિરંગો લહેરાવીને ભારત માતા કી જય અને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવ્યા હતા. પાકિસ્તાનના કરાચીની સીમા હૈદર વીઝા વગર નેપાળના રસ્તે પોતાના ચાર બાળકો સાથે ગ્રેટર નોઈડાના રબુપુરામાં રહેતા સચિનના ઘરે આવી ગઈ છે. પોલીસે બંનેને ગેરકાયદેસર રીતે ભારત આવવા બદલ જેલમાં મોકલી દીધા હતા. હાલ બંને જામીન પર બહાર છે અને રબુપુરામાં રહી રહ્યા છે. સતત હેડલાઈન્સમાં હોવાના કારણે સચિનનો પરિવાર કામ પર જઈ શકતો નથી જેના કારણે તેઓ આર્થિક તંગીનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ તેમની આ સમસ્યાને ધ્યાનમાં રાખી મેરઠના રહેવાસી નિર્માતા અમિત જાનીએ તેમને મદદની ઓફર કરી હતી અને સીમા હૈદરને તેમની એક ફિલ્મમાં કામ કરવાની ઓફર કરી છે. પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદર અને સચિનને રબૂપૂરા સ્થિત ઘર પર એક પત્ર પહોંચ્યો હતો. જેમાં ગુજરાતના એક ઉદ્યોગપતિએ તેમને નોકરીની ઓફર કરી હતી. આ ઓફરમાં સીમા અને સચિનને દર મહિને ૫૦-૫૦ હજારની નોકરીની ઓફર આપવામાં આવી હતી.



# સ્વતંત્રતા દિવસ પર જૈશ-તોયબાનો દેશમાં મોટા હુમલાનું ષડયંત્ર

। નવી દિલ્હી, તા.૧૪ ।

પાકિસ્તાની આતંકવાદી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' અને 'લશ્કર-એ-તૈયબા' સ્વતંત્રતા દિવસ પર દેશમાં મોટા હુમલાનું ષડયંત્ર રચી રહ્યા રહ્યા છે. સૈન્ય અડ્ડા અને રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળોને તેઓ ટાર્ગેટ કરી શકે છે. સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે, દિલ્હી આતંકવાદીઓનું પ્રથમ લક્ષ્ય છે એટલા માટે સુરક્ષા વધારી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિભિન ગુપ્તચર ઈનપુટથી મળેલી આ માહિતી બાદ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે અને સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. ગુપ્તચર એજન્સીઓને એવા ઈનપુટ મળ્યા છે કે, આતંકવાદી સંગઠન ૭૭માં સ્વતંત્રતા દિવસ પર દેશમાં હુમલો કરી શકે છે. તેમનો પ્રથમ ટાર્ગેટ જાહેર સ્થળ અને લશ્કરી અડ્ડા હશે.ફેબ્રુઆરીમાં ગુપ્તચર એજન્સીઓને દિલ્હી અને તેની આસપાસના સંવેદનશીલ વિસ્તારમાં હુમલાના ઈનપુટ મળ્યા હતા. ગુપ્તચર એજન્સીઓના જણાવ્યા પ્રમાણે મે ૨૦૨૩ના રોજ જારી કરાયેલ વીડિયોમાં કાશ્મીરના એક્ટિવિસ્ટે દાવો કર્યો હતો કે, જૈશ ભારતના શહેરોમાં હુમલાનું પ્લાનિંગ કરી રહ્યો છે. આ વચ્ચે રવિવારે પંજાબ પોલીસે ૩ લોકોની ધરપકડ કરી તેમની પાસેથી પિસ્તોલ જપ્ત કરી આતંકી મોડ્યૂલનો પર્દાફાશ કરી દીધો હતો.

૧૫ ઓગષ્ટ ૭૭માં સ્વતંત્ર દિવસ નિમિત્તે તમામ ભારતવાસીઓને ખુબ ખુબ શુભકામનાઓ
-: શુભેચ્છક :-
ધી અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ વાઈસ ચેરમેન
સંતરામપુર
શ્રીમતી પ્રિયંકાબેન ભૂપેશકુમાર શાહ






અનેક્તા માં એકતા એજ અમારી શાન છે, એટલે જ મારો ભારત દેશ મહાન છે
૧૫ ઓગષ્ટ ૭૭માં સ્વતંત્ર દિવસ નિમિત્તે
"ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" સહ પરિવાર તરફથી
તમામ ભારતવાસીઓને ખુબ ખુબ શુભકામનાઓ

સ્વતંત્રતા દિવસ ૧૫મી ઓગષ્ટના નિમિતે ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત સંપૂર્ણ રીતે કાર્યાલય બંધ રહેશે જેના અનુસંધાને તારીખ ૧૬ ઓગસ્ટનો અંક પ્રકાશિત નહીં થાય તે દરેક વાચક મિત્રોને નોંધ લેવી

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
ન્યુ પાર્થ એકલવ્ય અને નવોદય તાલીમવર્ગ સંજેલી - મોરા - સુખસર
સ્વાતંત્ર્ય દિવસની સમગ્ર દેશવાસીઓને હાર્દિક શુભકામના સહ અભિનંદન
એકલવ્ય - નવોદય પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવતો
એકમાત્ર ક્લાસ એટલે ન્યુ પાર્થ ક્લાસીસ
સંજેલી - દિલીપ સર - 9879096471
મોરા - અશ્વિન સર - 9879011885
સુખસર - રાજુ સર - 9106438315
પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો
સંચાલક - ન્યુ પાર્થ એજ્યુકેશન ગૃપ સંજેલી - દિલીપ સર





વિશેષ અહેવાલ
લેખક : દીપક જગતાપ

# આજના આપણા રાષ્ટ્રધ્વજની ડિઝાઇન અને રંગ અનેક વખત બદલાયા હતા



૨૦મી સદીની શરૂઆતમાં બ્રિટિશ શાસનમાંથી મુક્ત થવા માટે આઝાદીની ચળવળ જોર પકડવા લાગી હતી તે સમયે એક રાષ્ટ્રધ્વજ જેવા કોઇ શક્તિશાળી માધ્યમની જરૂરિયાત વર્તાઈ હતી. જે તમામ દેશભક્તોને એક નેજા હેઠળ લાવી પ્રેરણા પ્રદાન કરી શકે. આ માટે ૧૯૦૪ માં સિસ્ટર નિવેદિતા જે સ્વામી વિવેકાનંદનાં શિષ્યા હતા તેમને સૌપ્રથમ ધ્વજ રજૂ કર્યો, આ ધ્વજ સિસ્ટર નિવેદિતા ધ્વજ તરીકે તે સમયે ઓળખાયો હતો. જે લાલ ચોરસ આકાર અને વચ્ચે પીળો અને મધ્યમાં સફેદ રંગના કમળમાં વજનું ચિહ્ન ધરાવતો હતો. આ ધ્વજ ઉપર બંગાળી ભાષામાં વંદે માતરમ્ લખાણ લખવામાં આવ્યું હતું. ધ્વજમાં લાલ રંગ આઝાદીની લડાઇ, પીળો રંગ વિજય અને સફેદ કમળ શુદ્ધતાનાં પ્રતીક હતા

### પ્રથમ ધ્વજ

પ્રથમ ત્રિરંગો ધ્વજ ૭ ઓગસ્ટ ૧૯૦૬ નાં રોજ બંગાળના ભાગલા વિરોધી દેખાવો દરમિયાન બનાવવામાં આવ્યો હતો, જે સચિન્દ્રપ્રસાદ બોઝ અને સુરેન્દ્રનાથ બેનરજી દ્વારા કોલકાતામાં "પારસી બાગાન ચોક" લહેરાવવામાં આવ્યો. તે અગાઉ કલકત્તા અને હાલ કોલકાતા ધ્વજ તરીકે જાણીતો થયો હતો. આ ધ્વજમાં એકસરખા પહોળાઇના ત્રણ આડા પટ્ટા, ઉપર નારંગી, વચ્ચે પીળો અને નીચે લીલો હતા. ઉપલા પટ્ટામાં આઠ અડધા ઉઘડેલા કમળ અને નીચલા પટ્ટામાં સૂર્ય અને ચાંદ-તારાનું ચિત્ર હતું. જ્યારે વચ્ચેના પટ્ટામાં વંદે માતરમ્ દેવનાગરી ભાષામાં લખેલું હતું.

### બીજો ધ્વજ

૨૨ ઓગસ્ટ,૧૯૦૭ના રોજ ભિખાયજી કામાએ સ્ટુટગાર્ટ, જર્મનીમાં એક અન્ય ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો હતો. આ ધ્વજમાં ઉપર લીલો, વચ્ચે કેસરી અને નીચે લાલ રંગના પટ્ટા હતા. લીલો રંગ ઇસ્લામ, કેસરી હિન્દુ અને બૌદ્ધ ધર્મના પ્રતીક હતા. આ ધ્વજમાં લીલા પટ્ટામાં રહેલા આઠ કમળ તે સમયનાં બ્રિટિશ ભારતના આઠ પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતા હતા. વચલા પટ્ટામાં દેવનાગરી લિપિમાં "વંદે માતરમ" લખેલું હતું. નિચલા પટ્ટામાં ધ્વજદંડ બાજુ અર્ધ ચંદ્ર અને સામે છેડે સૂર્યનું ચિહ્ન હતું. આ ધ્વજ ભિખાયજી કામા,વીર સાવરકર અને શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવ્યો હતો.

### ત્રીજો ધ્વજ

બાલ ગંગાધર તિલક અને એની બેસન્ટ દ્વારા ૧૯૧૭ માં સ્થપાયેલી હોમરૂલ ચળવળ માટે એક નવો ધ્વજ પસંદ કરાયો, જે પાંચ લાલ અને ચાર લીલી આડી પટ્ટીઓ તથા ઉપરનાં ડાબા ચતુર્થ ભાગમાં "યુનિયન જેક" (બ્રિટિશ ધ્વજ) ધરાવતો હતો. ઉપરની સામેની બાજુ પર ચાંદ-તારાની સફેદ આકૃતિ અને સફેદ રંગમાં સાત તારાઓ સપ્તર્ષિ આકારમાં ગોઠવાયેલા હતાં. આ ધ્વજ જનસમુદાયમાં લોકપ્રિય બન્યો નહોતો.

### ચોથો ધ્વજ

૧૯૧૬ ની શરૂઆતમાં મછલીપટ્ટનમ એટલે કે આંધ્રપ્રદેશના "પિંગાલી વૈંકયા" એ સર્વમાન્ય રાષ્ટ્રધ્વજ બનાવવાનો પ્રયત્ન કર્યો, પિંગાલી વૈંકય્યા દ્વારા "ભારતીય રાષ્ટ્રધ્વજ અભિયાન" ચલાવતા ઉમર સોબાની અને એસ. બી. બોમનજીનું ધ્યાન દોરાયું, જ્યારે વૈંકયાએ મહાત્મા ગાંધીને આ ધ્વજ બતાવ્યો ત્યારે તેમણે સૂચન કર્યુ કે ધ્વજ પર ચરખાનું ચિત્ર મૂકવું જોઈએ. ચરખો ત્યારે ભારતનીં આર્થિક ઉન્નતિનું પ્રતીક બની ગયો હતો. "પિંગાલી વૈંકય્યા" લાલ-લીલી પાર્શ્વભુમીમાં ચરખાનાં ચિત્રવાળો ધ્વજ બનાવી લાવ્યા, પરંતુ ગાંધીજીને તેમાં સર્વ ધર્મનું પ્રતિનિધિત્વ જણાયુ ન હતું.

### પાંચમો ધ્વજ

મહાત્મા ગાંધી સમક્ષ વધુ એક ત્રિરંગો ધ્વજ રજૂ કરવામાં આવ્યો, જેમાં ઉપર સફેદ, વચ્ચે લીલો અને નીચે લાલ રંગના આડા પટ્ટા હતા, જે લઘુમતિ ધર્મો, મુસ્લિમ અને હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતા હતા. સાથે ત્રણે પટ્ટાઓને આવરતો ચરખો હતો. આ ધ્વજની રૂપરેખા "આયરલેન્ડ" નાં ધ્વજનાં આધારે બનાવવામાં આવી હતી, કારણકે "આયરલેન્ડ" પણ તે સમયે બ્રિટિશ શાસન સામે આઝાદીની લડાઇ લડતું હતું. આ ધ્વજ પ્રથમ વખત અમદાવાદમાં કોંગ્રેસ પક્ષનાં સંમેલન વખતે ફરકાવવામાં આવ્યો હતો, જોકે તેને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના અધિકૃત ધ્વજ તરીકે પસંદ કરાયો નહીં. આ ધ્વજનો આઝાદીની ચળવળમાં પણ બહોળો ઉપયોગ કરવામાં આવ્યો નહીં.

### છઠ્ઠો ધ્વજ

ઘણાં એવા લોકો હતા જે અત્યાર સુધી રજૂ થયેલા ધ્વજ દ્વારા વ્યક્ત થતી ધાર્મિક ભાવનાઓથી સંતુષ્ટ નહોતા. ૧૯૨૪માં કોલકાતામાં મળેલી "અખિલ ભારતીય સંસ્કૃત કોંગ્રેસે" માં વચ્ચે વિષ્ણુની ગદાનું પ્રતીક હોય તેવો ભગવા રંગનો ધ્વજ સૂચવવામાં આવ્યો હતો. પછીનાં સમયમાં "ગેરૂ" રંગનું સૂચન પણ થયું, જેમાં ગેરૂ રંગ હિન્દુ યોગીઓ અને સન્યાસી તથા મુસ્લિમ ફકીર અને દૂર્વેશોનાં પ્રતીકરૂપ ગણાવવામાં આવ્યો હતો. શીખ સમુદાય દ્વારા પીળા રંગનો સમાવેશ કરવાનું પણ સૂચવાયું.

૨ એપ્રિલ ૧૯૩૧ ના રોજ "કોંગ્રેસ કાર્યકારી સમિતિ" દ્વારા સાત સભ્યોનીં "ધ્વજ સમિતિ" ની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ એક જ રંગનો,સોનેરી પીળો (કે જે "ગેરૂ" પણ કહેવાય) રંગ અને ઉપરનાં ખૂણામાં ચરખાનું ચિત્ર ધરાવતા ધ્વજની ભલામણ કરી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા આ ધ્વજ કોમી એકતાનાં કારણોસર નામંજૂર કર્યો હતો.

છેલ્લે, જ્યારે ૧૯૩૧ માં કોંગ્રેસ સમિતિ કરાચીમાં મળી ત્યારે રાષ્ટ્રધ્વજ પર અંતિમ ઠરાવ પસાર થયો હતો, અને "પિંગાલી વૈંકયા" ના ધ્વજના આધારે ત્રિરંગો ધ્વજ જેમાં કેસરી,સફેદ અને લીલો એવા ત્રણ આડા પટ્ટા અને વચ્ચે ચરખાનું ચિત્ર રાખવામાં આવે તેવું મંજૂર થયું હતું.

### આઝાદ હિંદનો ધ્વજ

આ જ સમયે "ભારતીય રાષ્ટ્રીય સેના" દ્વારા આ જ પ્રકારનો પરંતુ ઉપર નીચે "આઝાદ-હિંદ" લખેલો અને વચ્ચેના પટ્ટામાં તરાપ મારતા વાઘનાં ચિત્રવાળો ધ્વજ વપરાતો હતો, જેમાં વાઘ સુભાષચંદ્ર બોઝ નાં આઝાદી માટેનાં સશસ્ત્ર સંઘર્ષનું પ્રતીક હતો. આ ધ્વજ ભારતની ભૂમિ પર પ્રથમ વખત સુભાષચંદ્ર બોઝ નાં હસ્તે મણિપુરમાં ફરકાવાયો હતો.

### સાતમો ધ્વજ

ભારતની આઝાદીના ચોવીસ દિવસ પહેલાં એટલે કે તા. ૨૨ જુલાઈ ૧૯૪૭ના રોજ મળેલી 'બંધારણ સભા' ની બેઠકમાં ભારતનો રાષ્ટ્રધ્વજ નક્કી કરવામાં આવ્યો હતો. ભારતીય ગણરાજ્યના રાષ્ટ્રધ્વજ તરીકે ત્રિરંગા ધ્વજને પસંદ કરવામાં આવ્યો હતો, જે ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે ઓળખાય છે.

૧૯૪૭માં પસંદ કરાયેલા રાષ્ટ્રધ્વજ, પિંગાલી વૈંકયા દ્વારા રચિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ધ્વજના આધારે રચાયેલો હતો. આ ધ્વજ આડા ત્રણ રંગના પટ્ટા ધરાવે છે, જેમાં ઉપરનો પટ્ટો ઘેરો કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો રંગ છે. કેન્દ્રમાં ઘેરા વાદળી રંગનુ ૨૪ આરા ધરાવતું ચક્ર મૂકવામાં આવ્યું હતું. જે અશોક ચક્ર તરીકે પણ ઓળખાય છે. આ અશોક ચક્ર સારનાથના સિંહાકૃતિવાળા અશોક સ્થંભમાંથી લેવામાં આવ્યું હતું. અશોક ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઇનાં ખ ભાગ જેટલો હોય છે. આ ધ્વજની પહોળાઇ અને લંબાઇનું પ્રમાણ ૨:૩ ના ગુણોત્તરમાં હોય છે. ધ્વજ ભારતીય સૈન્યનો યુદ્ધ ધ્વજ પણ ગણાય છે

### ધ્વજનાં માપદંડ

૧૯૫૦માં ભારત ગણતંત્ર બન્યા પછી ૧૯૫૧ માં પ્રથમ વખત ભારતીય માનક સંસ્થા એ રાષ્ટ્રધ્વજ માટે પ્રમાણિત માપદંડ નક્કી કર્યા હતા. ત્યાર બાદ ૧૯૬૪ માં ભારતમાં મેટ્રિક પદ્ધતિ દાખલ થઇ ત્યારે તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. આ માપદંડ ૧૭ ઓગસ્ટ ૧૯૬૭ થી લાગુ કરવામાં આવ્યા હતા. આ માપદંડ રાષ્ટ્રધ્વજ ઉત્પાદનનાં તમામ પાસાઓ જેવા કે, માપ, રંગ, ચમક, દોરાઓ, કાપડનો વણાટ વગેરે નક્કી કરે છે. આ માર્ગદર્શિકાને તમામ ઉત્પાદકોએ ચોક્કસપણે અનુસરવું ફરજિયાત હોય છે, તેમાં ચૂક કરનારને ગંભીર ગુનો માનવામાં આવે છે અને તેના બદલામાં દંડ અથવા કારાવાસ કે બન્ને સાથેની સજા થઇ શકે છે.

### રાષ્ટ્રધ્વજ માટે વપરાતું કાપડ કેવું હોય છે?

ખાદી અથવા હાથવણાટનું કાપડ જ રાષ્ટ્રધ્વજ બનાવવા માટે વાપરી શકાય છે. ખાદી બનાવવા માટે કાચા માલ તરીકે સુતર, ઉન અથવા રેશમ જ વપરાયેલું હોવું જોઇએ. આ માટે બે પ્રકારની ખાદી વપરાય છે, ખાદી-બન્ટિંગ થી ધ્વજનો મુખ્યભાગ બને છે, જ્યારે ધ્વજને ધ્વજદંડ સાથે જોડતો ભાગ ત્રણ તારનાં વણાટવાળી ખાદી-ડક વડે બનાવાય છે. આ પ્રકારનું વણાટકામ કરતા બહુ ઓછા કારીગરો છે. આ ઉપરાંત માર્ગદર્શિકા મુજબ એક ચોરસ સે.મી. માં ૧૫૦ દોરા, સાંધા દીઠ ચાર દોરા અને એક ચોરસ ફીટનું વજન બરાબર ૨૦૫ ગ્રામ હોવું જોઇએ.કાપડ વણાઇ ગયા પછી ભારતીય માનક સંસ્થામાં મોકલવું પડે છે, જ્યાં તે તમામ માપદંડ પર ખરું ઉતરે પછી ફરી તેને ઉત્પાદકનાં કારખાને મોકલાય છે. ત્યાં સાફ કરવાનું તથા યોગ્ય રંગોથી રંગી અને ઉપર અશોકચક્રની છાપણી અથવા ભરતકામ કરવામાં આવે છે. ધ્યાન એટલું રાખવાનું કે અશોક ચક્ર બન્ને બાજુથી દેખાતું હોવું જોઇએ. ત્યાર બાદ ફરી એક વખત ચકાસણી પ્રક્રિયામાંથી પસાર થઇને વેચાણ માટે મુકાય છે.

### ધ્વજ પ્રત્યેની ભાવના

ભારતની આઝાદીનાં થોડા દિવસો પહેલા ખાસ રચાયેલ બંધારણ સભાએ નિર્ણય કર્યો કે રાષ્ટ્રધ્વજ એવો રાખવો જે દરેક પક્ષ અને સમાજને અનુકુળ આવે. આથી અંતે "ત્રિરંગો" તરીકે ઓળખાતો, 'કેસરી', 'સફેદ' અને 'લીલા' કલરનાં ત્રણ આડા પટ્ટા અને વચ્ચે અશોક ચક્ર ધરાવતો રાષ્ટ્ર ધ્વજ નક્કી કરવામાં આવ્યો હતો, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન કે જે પછીથી ભારતનાં પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બનેલા, તેમણે આ ધ્વજની રચનામાં રહેલી ભાવના વર્ણવતા જણાવ્યું હતું કે " ભગવો અથવા કેસરી રંગ ત્યાગ અને સમર્પણનું પ્રતીક છે, આપણા નેતાઓએ ભૌતિક સુખોનો ત્યાગ કરી દેશ તથા પ્રજાની સેવા કરવી જોઈએ, સાથે જ પોતાની ફરજ પ્રત્યે સમર્પણની ભાવના રાખવી જોઈએ. સફેદ રંગ પ્રકાશનું કેન્દ્ર છે, જે સત્ય સુધી જવાનો આપણો માર્ગ પ્રકાશિત કરશે. જયારે લીલો કલર આપણો માટી (જમીન) સાથેનો સંબંધ દર્શાવે છે, આપણો વૃક્ષ, છોડ, લીલોતરી સાથેનો સંબંધ દર્શાવે છે, કે જેના પર તમામનાં જીવન આધારિત છે. મધ્યમાં રહેલું અશોક ચક્ર એ ધર્મ ચક્ર છે, સત્ય અને ધર્મ એ બન્ને આ ધ્વજ હેઠળ કામ કરનાર માટે માર્ગદર્શક સિદ્ધાંતો છે. તે ઉપરાંત ચક્ર સતત ગતિશીલતાનું પ્રતીક છે. સ્થિરતા એ મૃત્યુ છે અને ગતિશીલતા એ જીવન છે. ભારતમાં પરિવર્તનને હવે રોકી શકાસે નહીં, તેણે ગતિશીલ બનીને આગળ ધપવું જ પડશે. ચક્ર ઉર્જાયુક્ત શાંતિપૂર્ણ ફેરફારનું પ્રતિનિધિ બનશે. તે દિવસનાં ૨૪ કલાકનું પણ દર્શક છે."

# ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭નીની સવારથી સાંજ સુધીની ન જાણેલી ઘટનાઓ

આજે ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવ્યો. દેશની આઝાદીના ૭૫વર્ષ પુરા થતાં સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાન ખૂબ ગૌરવપૂર્વક ઉજવાયું દેશના પ્રત્યેક નાગરિકે એનું ગૌરવ અને ગરિમા પણ જાળવી ખુશીનો માહોલ ઉભો કર્યો. દેશને સ્વતંત્ર થયા એ ૭૫વર્ષ થયાં એ ખૂબ મોટી ગૌરવપ્રદ ઘટના હતી.

પણ આપણે આજે એ ઘટનાની ચર્ચા પણ કરવી છે કે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭. આઝાદીનો પ્રથમ દિવસનો સૂરજ નાગરિકો માટે કેટલો ગૌરવપ્રદ ઉગ્યો હશે!?

એ સવાર માત્ર સવાર નહોતી, હજાર વર્ષની ગુલામીને તોડતી સવાર આવી હતી. એ સવારે અનેક દેશભક્તોના બલિદાન અને તપશ્ચર્યાને દફનાવી દેવામાં આવી હતી. સવારના અખબારોની હેડલાઈન્સ જુદી જુદી રીતે કહેતી હતી.

તે દિવસે દરેક ભારતીય માટે આ સૌથી મોટા સમાચાર હતા. તે દિવસે હિન્દુસ્તાનના અખબારના પહેલા પાનાની હેડલાઇનહતી - "સદીઓની ગુલામી પછી ભારતમાં આઝાદી નો મંગલ પ્રભાત'' હતી. બાપુની લાંબી તપસ્યા સફળ." નેહરુજીનું નિવેદન અન્ય સમાચારમાં નોંધવામાં આવ્યું હતું . તે વિધાન હતું - "જ્યાં સુધી જનતાની આંખમાં આંસુનું એક ટીપું રહેશે ત્યાં સુધી અમારું કામ પૂર્ણ નહીં થાય". અખબારે રાત્રે ૧૨ વાગ્યે શંખના અવાજ સાથે આઝાદીની ઘોષણા લખી. હિંદુસ્તાને પહેલા જ પેજ પર એક તસવીર મૂકી હતી. તસ્વીરમાં ગ્રામ્ય વિસ્તારમાં એક બાળક ત્રિરંગો ફરકાવતો જોવા મળ્યો હતો અહીં ભારત સ્વતંત્ર થયું અને બીજી તરફ લંડનમાં ભારતીય ઓફિસનું અસ્તિત્વ બંધ થઈ ગયું હતું. વીર અર્જુનના સમાચાર એવા પણ હતા કે અર્લ લિસ્ટોવાલ આજે રાત્રે ૧૨ વાગ્યે ભારતના મંત્રી પદેથી રાજીનામું આપશે. વીર અર્જુનના સમાચાર હતા કે ગાંધીજી સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૨૪ કલાક ઉપવાસ કરશે, કાંતણ કાંતશે અને આખો દિવસ પ્રાર્થના કરશે. સાપ્તાહિક અખબાર કર્મવીરમાં પંડિત માખનલાલ ચતુર્વેદીનો તંત્રીલેખ પણ હતો




કાયદે આઝમનો સંદેશ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પાકિસ્તાનના સૌથી મોટા અખબાર "ધ ડોન" દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તે દિવસના અખબારમાં એક લેખ એવો પણ હતો કે ભાગલા પછી પાકિસ્તાન હવે દરેક મોરચે કેવી રીતે પ્રગતિ કરશે. આ દિવસે પ્રકાશિત થયેલા અન્ય રજવાડાઓના ગેઝેટમાં, પવાર સરકારના દેવાસ ગેઝેટિયરમાં સ્વતંત્રતાનો સંદેશ નોંધવામાં આવ્યો હતો.

અંગ્રેજી દૈનિક ધ સ્ટેટ્સમેને ફ્રન્ટ પેજ પર અહેવાલ આપ્યો કે નવી દિલ્હીમાં બંધારણ સભાનું મધ્યરાત્રિ સત્ર. ફ્રન્ટ પેજ પર લોર્ડ માઉન્ટબેટન નું વિધાન પણ હતું, જેમાં વિભાજનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે - "આ એવા મિત્રો વચ્ચેનું વિભાજન છે જેણે મતભેદમાં પણ એકબીજાને સન્માન આપ્યું છે".

માધવ સપ્રે મ્યુઝિયમમાં ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પ્રકાશિત થયેલા દેશના ઘણા પ્રતિષ્ઠિત અખબારોની મૂળ નકલો છે. જે આ આઝાદીના ૭૫મા અમૃત મહોત્સવ નિમિત્તે એક પ્રદર્શન તરીકે બતાવવામાં આવી રહ્યું છે. માધવ સપ્રે મ્યુઝિયમના સ્થાપક વિજય દત્ત શ્રીધર કહે છે, "જ્યારે આપણે અખબારની સામે ઊભા રહીએ છીએ, ત્યારે આપણે તે ક્ષણના ઇતિહાસનો રોમાંચ અનુભવી શકીએ છીએ. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના આ અખબારોમાંથી પસાર થતાં ફરી એકવાર તે દિવસ ઉભો થાય છે. તે થવું જ જોઈએ. જ્યારે દેશ હજારો વર્ષની ગુલામી પછી આઝાદીની સવાર જોઈ રહ્યો હતો. તે દિવસની કેટલીક એવી રસપ્રદ વાતો પણ જાણીએ જેનાથી મોટાભાગ ના લોકો અજાણ હતા, ચાલો જાણીએ ૧૫મી ઓગસ્ટ,૧૯૪૭નો રોજ બીજું શું શું થયું હતું?

૧. ભારતની આઝાદીની ચળવળનું નેતૃત્વ મહાત્મા ગાંધીએ કર્યું હતું. પરંતુ જ્યારે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ દેશને આઝાદી મળી ત્યારે તેમણે તેની ઉજવણીમાં ભાગ લીધો ન હતો.

૨. મહાત્મા ગાંધી તે દિવસે દિલ્હીથી હજારો કિલોમીટર દૂર બંગાળના નોઆખલીમાં હતા. જ્યાં તેઓ હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચેની થઈ રહેલ કોમી હિંસાને રોકવા માટે ઉપવાસ કરી રહ્યા હતા.

૩. જ્યારે નક્કી થયું કે, ૧૫ ઓગસ્ટના રોજ ભારત સ્વતંત્ર થશે ત્યારે જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે મહાત્મા ગાંધીને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં લખવામાં આવ્યું હતું કે, ૧૫ ઓગસ્ટ આપણો પહેલો સ્વતંત્રતા દિવસ હશે. અને તમે દેશના રાષ્ટ્રપિતા છો માટે તમે સ્વતંત્રતાની ઉજવણીમાં જોડાઓ અને તમારા આશીર્વાદ આપો.

૪. ગાંધીજીએ આ પત્રનો જવાબ આપતા કહ્યું હતું કે, કોલકત્તામાં હિન્દુઓ અને મુસ્લિમો એકબીજાનું કહું કરી રહ્યા છે, ત્યારે હું સ્વતંત્રતાની ઉજવણી કરવા કેવી રીતે આવી શકું? રમખાણો રોકવા માટે હું મારો જીવ આપી દઈશ.

૫. જવાહરલાલ નહેરુનું ઐતિહાસિક ભાષણ 'ટ્રિસ્ટ વિથ ડેસ્ટિની' ૧૪ ઓગસ્ટની મધ્યરાત્રિએ વાઇસરોય લોજ (હાલના રાષ્ટ્રપતિ ભવન) ખાતે આપવામાં આવ્યું હતું.

૬. નહેરુએ આ ભાષણ આપ્યું ત્યારે તેઓ વડાપ્રધાન બન્યા નહતા. આખી દુનિયાએ નહેરુનું આ ભાષણ સાંભળ્યું હતું. પરંતુ મહાત્મા ગાંધી તે દિવસે ૯ વાગ્યે સૂઈ ગયા હતા.

૭. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ લોર્ડ માઉન્ટબેટન તેમની ઓફિસમાં કામ કરતા હતા. ત્યારે બપોરે નહેરુએ તેમના મંત્રીમંડળની યાદી તેમને સોંપી અને બાદમાં ઇન્ડિયા ગેટ પાસે પ્રિન્સેસ ગાર્ડનમાં એક સભાને સંબોધી હતી.

૮. દર વર્ષે સ્વતંત્રતા દિવસે ભારતના વડા પ્રધાન લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવે છે, પરંતુ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ આવું થયું ન હતું. લોકસભા સચિવાલયના એક શોધ પત્ર મુજબ, નહેરુએ ૧૬ ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવ્યો હતો.

૯. ભારતના તત્કાલીન વાઇસરોય લોર્ડ માઉન્ટબેટનના પ્રેસ સચિવ કેમ્પબેલ જોહ્નસનના જણાવ્યા અનુસાર, મિત્ર દેશોની સેનાઓની સામે જાપાને શરણાગતિ સ્વીકારી હતી તે ઘટનાની બીજી વર્ષગાંઠ ૧૫ ઓગસ્ટે આવી રહી હતી, જેના કારણે આ દિવસે ભારતને આઝાદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

૧૦. ભારત અને પાકિસ્તાન વચ્ચેની સીમા રેખા ૧૫ ઓગસ્ટ સુધી નક્કી કરવામાં આવી ન હતી. આ અંગે ૧૭ ઓગસ્ટના રોજ રેડક્લિફ લાઇનની ઘોષણા થી થઈ હતી. જે ભારત અને પાકિસ્તાનની સીમાઓને નિર્ધારીત કરી હતી.

૧૧. ભારતને ૧૫ મી ઓગસ્ટના રોજ આઝાદી મળી પરંતુ તે સમયે ભારતનું રાષ્ટ્રગીત નહોતું, જોકે રવિન્દ્રનાથ ટાગોરે ૧૯૧૧ માં જ 'જન-ગણ-મન' લખ્યું હતું, પરંતુ આ ગીતને ૧૯૫૦માં રાષ્ટ્રગીત તરીકે માન્યતા મળી હતી.

૧૨. ભારત સિવાય અન્ય ૩ દેશો પણ ૧૫ ઓગસ્ટના દિવસે સ્વતંત્ર થયા હતા. ૧૫ ઓગસ્ટ ૧૯૪૫ ના રોજ દક્ષિણ કોરિયા જાપાનથી સ્વતંત્ર થયું. બહેરિનને ૧૫ ઓગસ્ટ ૧૯૭૧ ના રોજ બ્રિટનથી આઝાદી મળી હતી અને ફ્રાન્સે ૧૫ ઓગસ્ટ ૧૯૬૦ ના રોજ કોંગોને સ્વતંત્ર જાહેર કર્યું હતું.

૧૩. ૧૫ ઓગસ્ટ ૧૫૧૯ ના રોજ પનામા શહેર બનાવવામાં આવ્યું હતું.

૧૪. ૧૫ ઓગસ્ટ ૧૭૭૨ ના રોજ, ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ જુદા જુદા જિલ્લાઓમાં અલગ નાગરિક અને ફોજદારી અદાલતો સ્થાપવાનો નિર્ણય કર્યો હતો.

૧૫. ૧૫ ઓગસ્ટ ૧૮૫૪ ના રોજ, ઈસ્ટ ઈન્ડિયા રેલવેએ કોલકત્તા (હાલના કોલકાતા) થી હુગલી સુધી પ્રથમ પેસેન્જર ટ્રેન શરૂ કરી હતી. જોકે તેનું સંચાલન સત્તાવાર રીતે ૧૮૫૫ માં શરૂ થઈ શક્યું હતું.

૧૬. બ્રિટીશ રાજથી ભારતની આઝાદીમાં સામેલ થયેલા મહર્ષિ અરબિંદો ઘોષનો જન્મ ૧૫ ઓગસ્ટ ૧૮૭૨ ના રોજ થયો હતો.

૧૭. ૧૫ ઓગસ્ટ ૧૯૫૦ ના રોજ આસામમાં ભયંકર ભૂકંપ આવ્યો હતો. જેના કારણે લગભગ ૧૫૦૦ થી 3,000 લોકો મૃત્યુ પામ્યા હતા.,

## દેશભક્તિ અને શૂરવીરતાનો શુભગ સમન્વય એટલે મેડમ ભિખાજી કામા

# જર્મનીખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં પ્રથમ વાર એમણે ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવેલો

ભલે ભારતમાં ત્રિરંગો ઝંડો લહેરાવાનો પ્રથમ અવસર ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના ફાળે આવ્યો હતો. પરંતુ વિદેશની ધરતી પર ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનું બહુમાન મેડમ ભિખાઈજી કામાને મળ્યું હતું.


દેશની આઝાદીની લડતમાં મહિલાઓ ઝુકાવવાની શરૂઆત કરે એ પહેલાં જ વિદેશમાં એક મહિલાએ આની શરૂઆત કરી દીધી હતી. આ મહિલા એટલે મેડમ ભીખાઈજી કામા. વિદેશમાં ભારતનો રાષ્ટ્રીય ધ્વજ પ્રથમવાર ફરકાવવાનું બહુમાન મેડમ ભીખાઈજી કામાને મળ્યું હતું.

દેશવટો ભોગવી - દેશરક્ષા કરનારાં ભારતમાતાની મુક્તિ કાજે ૩૫ વર્ષ સુધી દેશવટો ભોગવનાર પારસી સન્નારી મેડમ ભીખાઈજી કામા મુંબઈના વતની હતાં. જર્મની ખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં પ્રથમ વાર એમણે ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવેલો. ઘણા એવા ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓ છે જેમણે ભારતની બહાર રહીને માતૃભૂમિની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધુ હતું. એમાંના મેડમ ભીખાઈજી કામા વિશે આજે વિગતે જાણીએ.

ઈ. સ. ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ટ શહેરમાં આંતરરાષ્ટ્રીય સોશિયાલિસ્ટ કોંગ્રેસ અધિવેશનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે મેડમ કામા અને સરદારસિંહ રાણા આગળ આવ્યાં. આ અધિવેશનમાં જતાં તેમને અટકાવવા માટે ભારતની અંગ્રેજ સરકારે ખૂબ જ ધમપછાડા કર્યા, પણ ફાવી નહીં.આ અધિવેશનમાં આવેલ અનેક દેશોનાં પ્રતિનિધિઓની સામે મેડમ કામાએ ભારતમાં અંગ્રેજો દ્વારા થતાં શોષણ, દમન અને ગુલામીનું વર્ણન કર્યું. ઉપરાંત ભારતને સંપૂર્ણ આઝાદી મળે એ માટેનો પણ જોરદાર પ્રસ્તાવ રજુ કર્યો. અને આ અધિવેશનમાં જ તેમણે ભારતનો ધ્વજ ફરકાવ્યો અને ભારતનો ધ્વજ લહેરાવનાર પ્રથમ મહિલા બની ગયાં. તેમણે પરદેશની ભૂમિ પર ફરકાવેલો રાષ્ટ્રધ્વજ એમણે પોતે જ બનાવ્યો હતો. આમાં લાલ, કેસરી અને લીલા એમ ત્રણ પટ્ટા હતાં. લાલ પટ્ટામાં આઠ અર્ધખીલ્યાં કમળ હતાં, જે ભારતનાં તે સમયનાં આઠ પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતાં હતાં. વચ્ચેનાં પટ્ટા પર દેવનાગરી લિપિમાં 'વંદે માતરમ' લખેલું હતું. સૌથી નીચેનાં પટ્ટામાં એક બાજુ સૂર્ય અને બીજી બાજુ ચાંદ તારો હતો, જે ભારતનાં બે મુખ્ય ધર્મો હિંદુ અને મુસ્લિમનાં પ્રતિક હતાં.







મેડમ ભીખાઇજી કામાએ આ રાષ્ટ્રધ્વજની ડિઝાઇન તૈયાર કરી. આ રાષ્ટ્રધ્વજ ભીખાઇજી કામાની સાડીમાંથી તૈયાર કરવામાં આવ્યો હતો. સરદારસિંહ રાણા અને તેમના સાથીઓ પર અંગ્રેજોની નજર હતી જેથી તેમણે ત્રણ રાષ્ટ્રધ્વજ બનાવ્યા હતા અને અલગ અલગ વ્યક્તિઓ પાસે રાખ્યા હતા. ભીખાઇજી કામાએ આ સંમેલનમાં સૌપ્રથમ વખત વિશ્વ ફલક ઉપર ભારતના પ્રતિનિધિ રૂપે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને અંગ્રેજોની ભારતમાં શોષણનીતિ સામે ભાષણ કર્યું.

તેમણે વિદેશની ધરતી પર ભારતીય ધ્વજ ફરકાવતા નિડરતાથી ઘોષણા કરતા કહ્યું હતુ કે, 'આ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ છે. હું તમામ સભાસદોને આહવાહન કરૂ છું કે ઉઠોપહું દુનિયાભરના તમામ સ્વતંત્રતાના ચાહકોને આ ધ્વજ સાથે સહભાગી થવાની અપિલ કરૂ છું. વંદે માતરમ્પ.વંદે માતરમ્પ

આ ઘટના બાદ મેડમ કામા આ ધ્વજની એક નકલ પોતાનાં તમામ ભાષણો દરમિયાન સાથે જ રાખતાં હતાં. તેમણે ચાલુ કરેલ સામયિક 'તલવાર'નાં પૂઠા પર પણ આ ધ્વજનું ચિત્ર હતું. તેમણે 'વંદે માતરમ' નામનું એક અખબાર પણ શરુ કર્યું હતું. આમાં તેમનાં ભાષણો ઉપરાંત અન્ય નેતાઓના ભાષણો પણ પ્રગટ થતાં હતાં. મેડમ ભિખાજીમાં દેશભક્તિ અને શૂરવીરતાનો અનોખો સંગમ હતો. એમણે યુરોપ અને અમેરિકામાં ભારતની આઝાદીનો નાદ જગાડ્યો હતો. તેમના હાથે ક્રાંતિકારીઓની સંસ્થા 'અભિનવ ભારત'નો શુભારંભ કરાવાયો હતો. આખરે ઈ.સ. ૧૯૩૬માં ૧૩મી ઓગસ્ટના રોજ પંચોતેર વર્ષની ઉંમરે મુંબઈની એક પારસી હોસ્પિટલમાં તેમનું અવસાન થયુ હતું. અફસોસની વાત એ હતી કે દેશ માટે આખી જિંદગી આપનાર મેડમ કામાની મૃત્યુની નોંધ કોઈએ લીધી ન્હોતી.વિદેશની ધરતી પર રહી દેશ માટે આખી જિંદગી ન્યોછાવર કરનાર દેશની આ વિરાંગનાને નમન.

# જથ્થાબંધ ફુગાવો સતત ચોથી મહિને માઈનસમાં , જુલાઈમાં માઈનસ ૧.૩૬ ટકા

। નવી દિલ્હી, તા.૧૪ ।

જુલાઈ માટે ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવો જૂનમાં માઈનસ ૪.૧૨ ટકાથી વધીને માઈનસ ૧.૩૬ ટકાની ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. તેનું મુખ્ય કારણ શાકભાજીના ભાવમાં વધારો છે. જો કે, ખનિજ તેલ, મૂળભૂત ઉત્પાદનો, ધાતુઓ, રસાયણો અને રાસાયણિક ઉત્પાદનો, કાપડ અને ખાદ્ય ઉત્પાદનોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.આજે કેન્દ્રીય વાણિજ્ય



મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, WPI ફુગાવો જુલાઈમાં સતત ચોથા મહિને ડિફ્લેશનરી ઝોનમાં રહ્યો હતો. જૂનમાં તે માઈનસ ૪.૧૨ ટકા હતો, જ્યારે મે મહિનામાં તે માઈનસ ૩.૪૮ ટકા હતો. માર્ચમાં, પ્રાથમિક વસ્તુઓ, ઉત્પાદિત ઉત્પાદનો, બળતણ અને પાવર તેમજ ખાદ્ય ચીજોના સૂચકાંકોમાં તીવ્ર ઘટાડાથી WPI ફુગાવો ઘટીને ૧.૩૪ ટકાની ૨૯ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો. ઓક્ટોબર ૨૦૧૫માં WPI ફુગાવો માઈનસ ૪.૭૬ ટકાના સૌથી નીચા સ્તરે આવી ગયો હતો. જો અલગ- અલગ વસ્તુ વિશે વાત કરવામાં આવે તો વેજીટેબલ કેટેગરીમાં ફુગાવો જુલાઈમાં ૬૨.૧૨ ટકા રહ્યો હતો. આ દરમિયાન, પ્રાથમિક વસ્તુઓનો ફુગાવો જૂનમાં ૨.૮૭ ટકાના સંકોચનની સરખામણીએ ૭.૫૭ ટકા રહ્યો હતો. બીજી તરફ, ઈંધણ અને વીજળીનો ફુગાવો જૂનની જેમ ૧૨.૭૯ ટકા ઘટ્યો હતો. ગયા અઠવાડિયે આયોજિત મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયોની જાહેરાત કરતા આરબીઆઈ ગવર્નરે કહ્યું હતું કે, મોંઘવારી પર કામ હજુ પૂરું થયું નથી. વૈશ્વિક અસ્થિરતા, આંતરરાષ્ટ્રીય ખાદ્યપદાર્થો અને ઊર્જાના ભાવમાં વધઘટને કારણે અસ્થિરતા રહે છે. આ કારણોસર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે મોંઘવારીનું અનુમાન વધારીને ૫.૪ ટકા કરવામાં આવ્યું છે,

**ન્યૂઝ બ્રિફ**

## ગોધરા ટ્રેનમાં આગ લગાવનારા ત્રણે દોષિતોને જામીનનો સુપ્રીમનો ઈનકાર



। નવી દિલ્હી, તા.૧૪ ।

૨૦૦૨માં ગોધરામાં સાબરમતી એક્સપ્રેસમાં આગ લગાડવાના દોષિતોને જામીન આપવાના મુદ્દે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે ત્રણેય દોષિતોને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. ત્રણેય દોષિતો આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું, આ ઘટના ખૂબ જ ગંભીર ઘટના છે. આ એકલા વ્યક્તિના મૃત્યુનો મામલો નથી. અમે દોષિતોની અપીલ પર સુનાવણી માટે બેન્ચની રચના કરીશું. સુનાવણી દરમિયાન સીજેઆઈએ કહ્યું કે અમે પહેલાથી જ કહ્યું હતું કે જેમની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવી છે તેમને જામીન આપવામાં આવશે નહીં. જેમણે સળગતી ટ્રેનમાં પેટ્રોલ છાંટવામાં ચોક્કસ ભૂમિકા ભજવી હતી તેમને પણ જામીન આપવામાં આવશે નહીં. ત્રણેય સામે ચોક્કસ આક્ષેપ ો છે અને આ બાબત પણ ગંભીર છે. આ કોઈ એક વ્યક્તિના મૃત્યુની વાત નથી. સુપ્રીમ કોર્ટે ગત વખતે ૧૨માંથી ૮ને જામીન આપ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે એક આરોપીની પત્નીને કેન્સરના કારણે વચગાળાના જામીનની મુદત વધારી દીધી હતી. સુપ્રીમ કોર્ટ ૨૦૦૨માં ગોધરા સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સળગાવવામાં ૫૯ લોકોને જીવતા મારી નાખવા મામલે આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા અબ્દુલ રહેમાન ધંતિયા, અબ્દુલ સત્તાર ઈબ્રાહીમ ગદ્દી અને શૌકત વતી દાખલ જામીન અરજી પર સુનાવણી દાખલ કરી હતી. ગુજરાત સરકાર વતી સોલસીટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે આ ફક્ત પથ્થરમારાનો મામલો નહોતો. દોષિતોએ સાબરમતી એક્સપ્રેસના એક ડબાને બંધ કરી દીધો હતો.

## બીજેપીને મત આપનારા અને તેના સમર્થકો રાક્ષસી વૃતિના છે : સૂરજેવાલ



। ગુરૂગ્રામ, તા.૧૪ ।

કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણદીપ સુરજેવાલાએ બીજેપી સમર્થકો અને વોટરોને સાક્ષસી વૃતિના ગણાવ્યા છે. સૂરજેવાલા હરિયાણાના કૈથલ પહોંચ્યા હતા. ત્યાં તેમણે કહ્યું કે, બીજેપીને મત આપનારા અને તેના સમર્થકો રાક્ષસી વૃતિના છે. હું મહાભારતની ધરતી પરથી તેમને શ્રાપ આપું છું. સુરજેવાલાના આ નિવેદન પર બીજેપી ભડકી ગઈ છે. બીજેપી નેતા અમિત માલવીયએ સુરજેવાલાના નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ માનસિક સ્થિતિના કારણે જ પાર્ટી અને તેમના નેતાઓએ જનાધાર ગુમાવી દીધો છે. સુરજેવાલા હરિયાણાના કૈથલમાં જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. ત્યાં તેમણે બેરોજગારી મુદ્દે ખટ્ટર સરકારે ઘેરી હતી.તેમણે કહ્યું કે, યુવાનો ન્યાય માંગવા માટે ગરમીમાં ચાલવાથી નથી ડરતા પરંતુ સરકારના અતિરેકથી ડરે છે. તેમણે કહ્યું કે, આ સરકાર તેમના ભવિષ્ય સાથે રમી રહી છે. આ જ કારણ છે કે, અમે આ યુવાનો માટે ન્યાય માંગવા માટે ૧૭ કિલોમીટર પગપાળા ચાલ્યા. તમે તેમની પાસેથી પ રીક્ષામાં બેસવાનો અવસર પણ છીનવી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપ અને જેજેપી રાક્ષસોની પાર્ટી છે. જે લોકો ભાજપને મત આપે છે અને તેનું સમર્થન કરે છે તે પણ રાક્ષસી વૃતિના છે.

### ચીન પર પણ કુદરતનો પ્રકોપ

## ચીનના શિયાન પ્રાંતમાં ભૂસ્ખલનથી ૨૧નાં મોત, છ લોકો ગૂમ થયા

**ચીનની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર જુલાઈમાં પૂર અને ભૂસ્ખલનના કારણે ૧૪૨ લોકોએ જીવ ગુમાવ્યા**

। બેઈજિંગ, તા.૧૪ ।

આજે ભારતના હિમાચલ પ્રદેશ સહીત ઉતરાખંડ રાજ્યમાં વરસાદે ભારે તારાજી સર્જી હતી. હવે ભારત બાદ ચીન પર પણ કુદરતનો પ્રકોપ યથાવત છે. ચીનના શિયાન પ્રાંતમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયાના સમાચાર મળી રહ્યા છે. આ ઘટનામાં ૨૧ લોકોના મોત થયા હતા અને ૬ લોકો ગુમ થયા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, ભૂસ્ખલન અને પૂરમાં એક હાઈવેને પણ ભારે નુકસાન થયું હતું અને શહેરમાં લગભગ ૯૦૦ ઘરો વીજળી વગરના બન્યા હતા. ચીનની સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર જુલાઈમાં પૂર અને ભૂસ્ખલનના કારણે ૧૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૯૮૦ લોકો લાપતા બન્યા હતા. ખાનુન વાવાઝોડાને કારણે ચીનમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. આ વાવાઝોડાને કારણે અગાઉ દક્ષિણ કોરિયા અને જાપાનમાં પણ નુકસાન થયું હતું. હવે આ વાવાઝોડું ચીનમાં નબળું પડી ગયું છે. ચીનમાં ખાનુન વાવાઝોડા પહેલા ડોકસુરી વાવાઝોડાએ તબાહી મચાવી હતી. ચીનમાં છેલ્લા ૭૦ વર્ષનો વરસાદનો રેકોર્ડ તૂટી ગયો છે. રાજધાની બેઈજિંગમાં સૌથી વધુ ૨૫૭.૯ મીમી વરસાદ નોંધાયો હતો.

### યજમાન ટીમ સામે પ્રવાસી ટીમની છેલ્લી નિર્ણાયક ટીર૦

## વિન્ડીઝ સામેની પાંચમી ટીર૦માં ભારતનો આઠ વિકેટે પરાજય

**રોવમેન પોવેલના નેતૃત્વમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે પાંચ મેચની ટીર૦ સિરીઝ ૩-૨થી જીતીને ઈતિહાસ રચ્યો**

। ફ્લોરિડા, તા.૧૪ ।

વેસ્ટ ઈન્ડિઝ સામેની પાંચમી અને નિર્ણાયક ટી૨૦ મેચમાં ભારતને ૮ વિકેટે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતે વિન્ડીઝને ૧૬૬ રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને વેસ્ટ ઈન્ડિઝે ૧૮ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને સરળતાથી હાંસલ કરી લીધો હતો. વરસાદે મેચમાં ઘણી વખત વિક્ષેપ પાડ્યો હતો. રોવમેન પોવેલના નેતૃત્વમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે પાંચ મેચની ટી૨૦ સિરીઝ ૩-૨થી જીતીને ઈતિહાસ રચ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝે ૧૭ વર્ષમાં પ્રથમ વખત ભારત સામે સિરીઝ



જીતી છે.લક્ષ્યનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત ખરાબ રહી હતી. કાયલ મેયર્સ (૧૦) બીજી ઓવરમાં જ અર્શદીપનો શિકાર બન્યો હતો. અહીંથી બ્રાંડન કિંગ અને નિકોલસ પૂરને ઈનિંગ સંભાળી અને બીજી વિકેટ માટે ૧૦૭ રન જોડ્યા. પુરને ૩૫ બોલમાં ૪૭ રન બનાવ્યા હતા. તેણે ૧ ચોગ્ગો અને ૪ છગ્ગા ફટકાર્યા હતા. પુરનને ૧૪મી ઓવરમાં તિલક વર્માએ આઉટ કર્યો હતો. આ પછી કિંગ અને શાઈ હોપે ૫૨ રનની અતૂટ ભાગીદારી કરી હતી. કિંગે ૫૫ બોલમાં ૫ ચોગ્ગા અને ૬ છગ્ગાની મદદથી અણનમ ૮૫ રન બનાવ્યા હતા. હોપ ૧૩ બોલમાં ૨૨ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો હતો. તેણે ૧ ચોગ્ગો અને ૧ છગ્ગો ફટકાર્યો હતો. આ પ હેલા ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૫ રન બનાવ્યા હતા. સૂર્યકુમાર યાદવે ૪૫ બોલમાં ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૬૧ રનની ઈનિંગ રમી હતી. તિલક વર્માએ ૧૮ બોલમાં ૨૭ રનનું યોગદાન આપ્યું હતું.

## અસદુદ્દીન ઓવૈસીના ઘરના કાંચ તૂટેલી હાલતમાં મળ્યા

। નવી દિલ્હી, તા.૧૪ ।

એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીના દિલ્હીમાં આવેલા નિવાસ પર હુમલો કરાયા હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. ઓવૈસીના ઘરના દરવાજા પર લગાવેલા બે કાંચ તૂટેલી હાલતમાં મળ્યા હતા. પોલીસે જ સોમવારે આ માહિતી આપી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે કાંચના ટુકડાં આજુબાજુ વિખેરાયેલાં મળ્યા હતા પરંતુ ત્યાં કોઈ પથ્થર કે કોઈ અન્ય ઘાતક વસ્તુ મળી આવી નહોતી. અધિકારીઓએ કહ્યું કે તેઓ આ મામલે તપાસ કરી રહ્યા છે. ઓવૈસીએ ફેબ્રુઆરીમાં પણ આરોપ મૂક્યો હતો કે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના નિવાસ પર અજાણ્યા બદમાશોએ હુમલો કર્યો હતો અને દાવો કર્યો હતો કે ૨૦૧૪ બાદથી આ પ્રકારની ચોથી ઘટના હતી. ઓવૈસીએ ફેબ્રુઆરીમાં પણ આરોપ મૂક્યો હતો કે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના નિવાસ પર અજાણ્યા બદમાશોએ હુમલો કર્યો હતો અને દાવો કર્યો હતો કે ૨૦૧૪ બાદથી આ પ્રકારની ચોથી ઘટના હતી.



બીકાનેરમાં સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ 'તિરંગા' રેલીમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (મ્જીહ્લ)ના જવાનો ભાગ લે છે.

### રશિયા- યુક્રેન વચ્ચે ૧૮ મહિના કરતાં વધુ સમયથી યુદ્ધ જારી

## ખેરસોનમાં રશિયાનો અંધાધૂધ ગોળીબાર : સાતનાં મોત

**હુમલામાં ૨૩ દિવસના બાળક અને તેના ૧૨ વર્ષના ભાઈ સાથે તેના માતા-પિતા માર્યા ગયા**

। મોસ્કો, તા.૧૪ ।

રશિયા અને યુક્રેન વચ્ચે ૧૮ મહિના કરતાં પણ વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં બંને દેશો એકબીજા સામે વર્ચસ્વ વેળવવા માટે પ ોતા-પોતાની રણનીતિઓનું ઝડપી રીતે અમલ કરી રહ્યા છે. આ દરમિયાન ખેરસોનમાં રશિયાના ગોળીબારમાં એક નવજાત સહિત સાત લોકોએ જીવ ગુમાવી દીધા હતા. ખેરસોન ક્ષેત્રના એક સૈન્ય અધિકારીએ જણાવ્યું હતુ કે અહીં હુમલામાં ૨૩ દિવસના બાળક અને તેના ૧૨ વર્ષના ભાઈ સાથે તેના માતા-પિતા માર્યા ગયા હતા.તેમણે ટેલિગ્રામ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે આજે ખેરસોનથી મળેલા અહેવાલો ખરેખર હચમચાવી મૂકે તેવા હતા. એક ૨૩ દિવસની નવજાત સોફિયા, તેનો ૧૨ વર્ષનો ભાઈ આર્ટેમ અને તેમના માતા પિતા રશિયાના ગોળીબારમાં માર્યા ગયા. ઉલ્લેખનીય છે કે સ્ટેનિસ્લાવ ગામમાં એક ખ્રિસ્તી ધર્મગુરુ સહિત બે લોકો માર્યા ગયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ખાર્કિવના કુપિયાંસ્કમાંથી ૩૬ બાળકો સહિત ૧૧૧ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

### ૭૮ વર્ષની એક વ્યક્તિને ટ્રેનની ટિકીટ કેન્સલ કરાવવીં ભારે પડી ગઈ

## રેલવેને ફેક વેબસાઈટ પર ટીકિટ કેન્સલ કરાવતા ચાર લાખ ગુમાવ્યા

। નવી દિલ્હી, તા.૧૪ ।

૭૮ વર્ષના એક વ્યક્તિને ટ્રેનની ટિકીટ કેન્સલ કરાવવું ભારે પડી ગયું છે. લાંબી લાઈનોથી બચવા માટે વૃદ્ધે ટ્રેન ટિકીટને ઓનલાઈન કેન્સલ કરાવવું યોગ્ય સમજ્યું. પરંતુ આ દરમિયાન તેઓ એક સ્કેમનો શિકાર બની ગયા અને તેમના એકાઉન્ટમાંથી ૪ લાખ રૂપિયા ગાયબ થઈ ગયા. વૃદ્ધે આઈઆરસીટીસીવેબસાઈટ સર્ચ કરી પરંતુ તેઓ એક ફેક વેબસાઈટ પર પહોંચી ગયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે વૃદ્ધે પોતાની ટિકીટ કેન્સલ કરાવવા માટે ઈન્ટરનેટ પર હાજર વેબસાઈટનો સહારો લીધો. ત્યારબાદ પોતાને રેલવે કર્મચારી ગણાવનાર વ્યક્તિએ વિક્ટમ વૃદ્ધને કોલ કર્યો અને પૂછ્યું કે, તેઓ હિંદી કે, ઈંગ્લિશ બોલી શકે છે. અને પછી ટિકીટ કેન્સલ કરાવવા માટે વૃદ્ધને ઈન્સ્ટ્રક્શન આપવા લાગ્યો.સ્કેમર્સે જણાવ્યું કે, તે વૃદ્ધની મદદ કરી રહ્યો છે. ત્યારબાદ વિક્ટમે સ્કેમર્સ દ્વારા આપવામાં ઈન્સ્ટ્રક્શનને ફોલો કરવાનું શરૂ કરી દીધું. ત્યારબાદ સ્કીન પર બ્લૂ કલરનો લોગો નજર આવ્યો અને પછી ડિવાઈસનું કંટ્રોલ ફ્રોડના હાથે પહોંચી ગયું. આ ઉપરાંત વૃદ્ધે સ્કેમર્સને પોતાની બેંક ડિટેલ્સ અને એટીએમકાર્ડનંબર વગેરે શેર કર્યું. ત્યારબાદ સ્કેમર્સે યૂઝર્સને ફોનમાં વાયરસને ઈન્સ્ટોલ કર્યો ત્યારબાદ મોબાઈલને રિમોટ એક્સેસ પર લઈ લીધું. ત્યારબાદ યૂઝર્સના મોબાઈલમાંથી ડેટા એક્સેસ, બેંક ડિટેલ્સ એક્સેસ અને ઓટીપીવગેરેનું એક્સેસ લઈ લીધું. વિક્ટમના બેંક એકાઉન્ટ તરફથી એક મેસેજ આવ્યો જેમાં ૪,૦૫,૯૧૯ રૂપિયા કપાયા હોવાની જાણકારી હતી. ત્યારબાદ વિક્ટમને જાણ થઈ કે, તેઓ સ્કીમનો શિકાર બની ચૂક્યા છે. ત્યારબાદ તેમણે પોલીસ ફરિયાદ કરી અને જાણવા મળ્યું કે, સ્કેમર્સે કદાચ બિહાર અથવા પશ્ચિમ બંગાળથી કોલ કર્યો હતો.

### ભારતીય ક્રિકેટ ટીમનો વેસ્ટઈન્ડિઝ સામે ટીર૦ શ્રેણીમાં ૩-૨થી પરાજય

## ટીર૦ સિરીઝમાં શુભમન ગિલ સૌથી વધુ વખત સિંગલ ડિજિટમાં આઉટ થનારો પ્રથમ ભારતીય

**શુભમન ગિલ ૫મી ટીર૦ મેચમાં માત્ર ૯ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો**

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય ટીમને વેસ્ટ ઈન્ડિઝ સામેની ૫ મેચની ટી૨૦ સિરીઝમાં ૩-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિરીઝની પ્રથમ ૨ મેચ હાર્યા બાદ ટીમ ઈન્ડિયાએ શાનદાર વાપસી કરી અને પછીની ૨ મેચ જીતીને સિરીઝ બરોબરી કરી લીધી હતી, પરંતુ છેલ્લી મેચ વેસ્ટ ઈન્ડીઝ ટીમે ૮ વિકેટથી જીતીને સિરીઝ



કબજે કરી લીધી હતી. આ ટી૨૦ સિરીઝમાં ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલના નામે એક અનિચ્છનીય અને શરમજનક રેકોર્ડ નોંધાયો હતો.શુભમન ગિલ માટે વેસ્ટ ઈન્ડિઝનો આ પ્રવાસ કઈ ખાસ રહ્યો ન હતો. ટી૨૦ સિરીઝની પાંચ મેચમાં તે માત્ર એક જ વખત પોતાની ઈનિંગમાં ડબલ ફિગર પાર કરી શક્યો હતો. આ ટી૨૦ સિરીઝમાં ટીમ ઈન્ડિયા માટે સૌથી શાનદાર પ્રદર્શન તિલક વર્મા અને કુલદીપ યાદવનું હતું.શુભમન ગિલ ૫મી ટી૨૦ મેચમાં માત્ર ૯ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. તે પ્રથમ ત્રણ ઈનિંગ્સમાં ૩, ૭ અને ૬ રન બનાવીને આઉટ થયો હતો.

## પૂરને ઈન્સ્ટા પર પોસ્ટ શેર કરી હાર્દિકને મોઢું બંધ રાખવા ઈશારો કર્યો

। નવી દિલ્હી, તા.૧૪ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ટી૨૦ સિરીઝ જીત્યા બાદ નિકોલસ પૂરને હાર્દિક પંડ્યાને જડબાતોડ જવાબ આપ્યો છે. પૂરને અકીલ હુસૈન સાથે એક વીડિયો બનાવ્યો છે, જેમાં તે પોતાનું મોઢું બંધ રાખવાનો ઈશારો કરી રહ્યો છે અને તેની સાથે અકીલ હુસૈન પણ છે, જે ફલાઈંગ કિસ આપી રહ્યો છે. આ વીડિયો શેર કરવાની સાથે પૂરને એક કેપ્શન પણ લખ્યું છે. પૂરનની પોસ્ટ પરથી અનુમાન લગાવવું મુશ્કેલ છે કે તે શું કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ તેણે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઘણી સ્ટોરી પણ પોસ્ટ કરી છે. આ જોઈને સ્પષ્ટ થાય છે કે પૂરને હાર્દિક પંડ્યાને જડબાતોડ જવાબ આપ્યો છે અને તેને મોં બંધ રાખવા કહ્યું છે. ભારતીય ટીમ પાંચ મેચોની ટી૨૦ સિરીઝની પ્રથમ બે મેચ હારી



ગઈ હતી, પરંતુ ત્રીજી મેચમાં ભારતે વાપસી કરીને ૭ વિકેટે મેચ જીતી લીધી હતી. આ પછી હાર્દિક પંડ્યાએ કહ્યું કે જો નિકોલસ પૂરન તેની સામે મોટા શોટ રમે તો તેને ગમશે. હાર્દિકે કહ્યું હતું કે જો નિકી મારી બોલિંગ પર શોટ મારવા માંગે છે, તો તેને મારવા દો અને આ જ રણનીતિ હતી, હું આવી સ્પર્ધાનો આનંદ માણું છું. હું જાણું છું કે તે આ સાંભળશે અને ચોથી ટી૨૦ મેચમાં મને જોરદાર ટક્કર આપશે. ચોથી ટી૨૦ મેચમાં પૂરનને કુલદીપ યાદવે વહેલોઆઉટ કર્યો હતો અને ભારતીય ટીમે ૧૭૯ રનનો લક્ષ્ય ખૂબ જ સરળતાથી હાંસલ કરી લીધો હતો. ભારત તરફથી શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલે ફિફ્ટી ફટકારીને ટીમને જીત અપાવી હતી. પાંચમી મેચમાં પૂરને હાર્દિકની ભવિષ્યવાણી સાચી સાબિત કરી અને ૧૬૬ રનનો પીછો કરતાં તેણે હાર્દિકની ઓવરમાં સતત બે છગ્ગા ફટકાર્યા હતા.

## તંત્રી લેખ...

# યોગ કરવાની ટેવ પાડો

આધુનિક ભાગદોડની લાઈફમાં વ્યક્તિ પોતાના માટે સમય કાઢવાની સ્થિતીમાં પણ નથી. આવી સ્થિતીમાં અનેક પ્રકારની બિમારીઓના સકંજામાં આવી જાય છે. પોતાના માટે થોડોક સમય કાઢીને શારરિક ક્રિયા કરવામાં આવે તે સમયની માંગ છે. આમા પણ યોગ ખુબ ઉપયોગી છે. કોરોના કાળ બાદ લોકો આરોગ્યને લઈને સાવધાન થયા છે. જો કે હજુ કસરતને એક નિયમિત ટેવ બનાવવા માટેની બાબત દેખાઈ રહી નથી. આમાં ઉદાસીનતા સ્પષ્ટપણે નજરે પડે છે.યોગની બોલબાલા હવે સતત વધી રહી છે. યોગ સાથે જોડ-ાયેલા નિષ્ણાંતો અને યોગ મામલે સંસ્થાઓ ચલાવનાર લોકોનુ કહેવુ છે કે યોગ મારફતે તમામ પ્રકારની બિમારીને રોકવામાં મદદ મળી શકે છે. સાથે સાથે શરીરને વધારે ફિટ અને સ્વસ્થ રાખી શકાય છે. યોગ મારફતે શરીરના જુદા જુદા હિસ્સાને વધારે ફિટ રાખી શકાય છે. જેમાં હાર્ટનો સમાવેશ થાય છે. મોદી સરકારમાં પ્રધાન રહી ચુકેલા અને ફિટનેસને લઈને ભારે ચર્ચા જગાવી રહેલા રાજ્યવર્ધન સિંહ રાઠોડે વારંવાર કહ્યુ છે કે યોગ અને કસરતને લોકો તેમની લાઈફના એક હિસ્સા તરીકે બનાવે તે જરૂરી છે. યોગના કારણે તમામ માનસિક અને શારરિક તકલીફોને દુર કરી શકાય છે. રાજ્યવર્ધન સિંહ રાઠોડ કહે છે કે આધુનિક સમયમાં નાની વયમાં પણ લોકોમાં હાર્ટ સંબંધિત તકલીફ થઈ રહી છે ત્યારે યોગ આમાં પણ રાહત આપી શકે છે. યોગથી શારરિક, માનસિક, અને મનૌવૈજ્ઞાનિક રાહત મળી શકે છે. પ્રેગ્નેન્સી દરમિયાન મહિલાની મન સ્થિતીમાં થનાર ઉતારચઢાવને રોકવામાં પણ તે સહાયક છે. મહિલાના શારરિક રીતે સ્વસ્થ અને ભાવનાત્મક રીતે મજબુત રહેવાની બાબત બાળકના વિકાસ પર સીધી અસર કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન યોગ કરવાથી ફાયદો થાય છે. ગર્ભાવસ્થા દરમિયાન પ્રસવ પૂર્વ યગ ઉપયોગી બને છે. આ યોગ કરવાથી સગર્ભા મહિલાઓની મનની સ્થિતી શાંત રહે છે. પ્રસવ પૂર્વ યોગ નિષ્ણાંતો અને તબીબો વારંવાર આ બાબત પર ભાર મુકી રહ્યા છે કે કેટલીક હળવી કસરત અને યોગ આદર્શ સાબિત થઈ શકે છે. યોગ ગર્ભાવસ્થાની સમસ્યાઓથી છુટકારો અપાવે છે. મહિલાઓને સગર્ભા વસ્થા દરમિયાન કોણ આસન, વીરભદ્ર આસન જેવા કેટલાક ઉપયોગી આસન કરવા જોઈએ. યોગ નિદ્રા આસન પણ ઉપયોગી સાબિત થાય છે. શરીરના જુદા જુદા હિસ્સાને સ્વસ્થ રાખવામાં યોગ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે.

## એક્સટેન્શનથી કામના તરીકા બદલશે

એક્સટેન્શનથી કામના તરીકા બદલાઈ રહ્યા છે. કેટલીક વખત એવુ બને છે કે આપને કોઈ ઓનલાઈન ઈમેજમાં લખવામાં આવેલા ટેક્સ્ટ પસંદ પડે છે અને અમે તેને કોપી કરવા માટે પ્રયાસ કરીએ છીએ. નાપથા આ કામમાં આપને ખુબ મદદગાર સાબિત થઈ શકે છે. ઓપ્ટિકલ કેરેક્ટર રિકોગ્નિશનનો ઉપયોગ કરીને તે ઈમેજના ટેક્સ્ટને કોપી અને એડિટ કરવા યોગ્ય બનાવે છે. તે અન્ય ભાષામાંથી ટેક્સ્ટના અનુવાદ કરવામાં પણ મદદરૂપ સાબિત થાય છે. પોમોડોરો ટેકનિકન અર્થ છે કે તમે ૨૫ મિનિટ સુધી કામ કરો અને ત્યારબાદ પાંચ મિનિટનો બ્રેક લો. ત્યારબાદ ફરી આવી જ રીતે કામ કરો અને પાંચ મિનિટમાં બ્રેક લો. આ રીતે કામ કરવામાં આવે છે. આના કારણે પ્રોડક્ટિવિટી વધી જાય છે. આપના માટે કેટલાક ટાઈમર્સ છે પણ ફોરેસ્ટ યુનિક છે. જ્યારે તે કાઉન્ટ ડાઉન શરૂ કરે છે ત્યારે એક એનિમેટેડ મર્યાદા સુધી વધે છે. જ્યાં સુધ બ્લેકલિસ્ટેટેડ સાઈટ્સથી અલગ રહીએ છીએ. દિવસના અંત સુધી ખુબ સારુ કામ કરી શકાય છે. સિક્યોરિટીની વાત કરવામાં આવે તો પણ કેટલાક પાસા રહેલા છે. ક્લિક અને ક્લીન પાસુ છે. ક્લિક એન્ડ ક્લિન એડ ઓનથી પ્રાઈવેસી અને સિક્યોરિટીના હોટ ઝોનમાં પ્રવેશ કરી શકાય છે. ક્લિક એન્ડ ક્લીનના ડ્રોપ એન્ડ ડાઉન મેન્યુ આપના બ્રાઉઝર કેશ, કુકિંઝ , પ્લગ ઈન, એક્સટેન્શન અને હિન્ટ્રી સુધી પહોંચી જવામાં મદદ કરે છે. તેમને ડિલીટ કરવાના ક્વિક તરીકા પણ દર્શાવે છે. આ બિટ ડિફેન્ડરની મદદથી મેલવેયરને સ્કેન કરવામાં મદદ કરે છે. તે આપના પ્રાઈવેટ ડેટાને ક્લીયર કરે છે. જે લોકો મેસેજ પર કેટલાક બેજિક ઓપન સોર્સ ઈન્ક્રિપ્શન ઈચ્છે છે તે તેમની મદદ કરે છે. તે કોઈને પણ આપના સંદેશાની જાસુસી કરવાથી રોકે છે. મોકલવામાં આવતા સંદેશાની સાથે પાસવર્ડ સેટ કરી શકાય છે. સંદેશ પ્રાપ્ત કરનાર વ્યક્તિ જીમેલ પર રહે તે જરૂરી છે. એક્સટેન્શન લોડેડ રહે તે જરૂરી છે. તેને આપની સાથે પાસવર્ડ મિક્સ કરવા જોઈએ.હવે તમે કેટલીક પ્રોડક્ટિવિટી, સિક્યોરિટી અને નેટવર્ક ટલ્સની મદદથી વર્કપ્લેસ પર વધુ સારા તરીકાથી કામ કરી શકો છો. શોસિયલ શેયરિંગની વાત કરવામાં આવે તો આ પાસુ ઉપયોગી છે. નોટિફિકેશન ફોરક ઈન્સ્ટાગ્રામની ચર્ચા થાય છે. જે લોકોને ઈન્સ્ટાગ્રામ પસંદ છે. તેમને સારી રીતે માહિતી છે કે સ્માર્ટફોન એપ કેટલાક શાનદાર છે. તે એક્સટેશન ફોટો માટે આ જ એક્સીલેન્સને ડેસ્કટોપ બ્રાઉઝર પર રજૂ કરે છે. અહીં આપના માટે શાનદાર ફિચર રજૂ કરવામાં આવ્યા છે.તમે ટુલબારથી સીધી રીતે ઈન્સ્ટાગ્રામ એક્સેસ કરી શકો છો. આ એક્સટેન્શન આપના ઈન્સ્ટાગ્રામ અનુભવને સંપૂર્ણરીતે બદલીને મુકી દેશે. જે લોકો સોશિયલ નેટવર્ક પર તરત જ એક્સેસ ઈચ્છે છે તેમના માટે શેયરએહોલિકર ખુબ સારા એક્સટેન્શન તરીકે છે. આ એક્સટેન્શનથી ડ્રોપ એન્ડ ડાઉન મેન્યુથી સીધી રીતે ફેસબુક, ટ્વિટર, પિન્ટરેટ, ટિમ્બલ, જમેલ, એવરનોટ અને એવી જ ૨૫૦થી વધારે સાઈટ્સ પર પોસ્ટ કરી શકાય છે. તેમાં તેમાં ગુગગ યુઆરએ શોર્ટનર અને બિટ ડોટ લે બિલ્ટ ઈન છે. આધુનિક સમયમાં કેટલીક પ્રોડક્ટિવિટ, સિક્યોરિટી અને નેટવર્ક ટુલ્સની મદદથી વર્કપ્લેસ પર વધુ સારા તરીકા સાથે કામ કરી શકો છો. આધુનિક સમયમાં વ્યક્તિ વધુને વધુ પૈસા કમાવવાની યોજના ધરાવે છે. સાથે સાથે સમય બચાવીને આગળ વધવા માટે ઈચ્છુક છે. આવી સ્થિતીમાં વધુને વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો ફાયદો મળી શકે છે. સુરક્ષા અને નેટવર્ક ટુલ્સનો જો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો ખુબ ફાયદો થઈ શકે છે. નવા નવા નેટવર્ક ટુલ્સની શોધ હાલના સમય પર ચાલી રહી છે. કામના સ્થળ પર વધારે સરળતા મળે તેવા પ્રયાસ અને રિસર્ચ યુદ્ધ સ્તરે ચાલી રહ્યા છે.

# આપણાં કોઈપણ જાતના સ્વાર્થ માટે આપણે દેશનાં કાયદાનો કે સત્તાનો દૂરોપયોગ નહીં કરીએ, એવું મા ભારતી ને વચન આપવું પડશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



વંદે માતરમ્.

હે મા ભારતી તારા શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે તો ૧૫ ઓગસ્ટ છે, અને ચારે બાજુથી, મેરા દેશ હે રંગીલા, સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા, મા તુજે સલામ, વંદે માતરમ, અને બીજા પણ ઘણાં દેશભક્તિનાં નારા ગુંજવા લાગ્યા છે. ઈશ્વર કરે અને આ ભાવ સતત સૌનાં હૃદયમાં અકબંધ રહે. ૧૫ ઓગસ્ટ, આઝાદ દિન, એટલે કે દેશ પ્રેમ વધારતો તહેવાર, આજે ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ છે, એટલે કે આઝાદ ભારતને ૭૬ વર્ષ પૂરાં અંગ્રેજોની ગુલામી માંથી આપણે આઝાદ થયાં એ વાતને આજે ૭૬ વર્ષ પુરા થયા, માટે આ દિવસ દરેક ભારતીય માટે ખાસ છે, ગયા વર્ષે વધુ ખાસ બનાવવાં માટે આઝાદી કા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. એ અંતર્ગત હર ઘર તિરંગા, એટલે કે ૧૩ અને ૧૪ ઓગસ્ટે, દરેકે પોતાના ઘર પર પણ તિરંગો લહેરાવ્યો હતો. કેટલું સુંદર દ્રશ્ય હતું! તિરંગો એ આપણા દેશની શાન છે, અને દરેકે તેને માન સન્માન આપવું જ જોઈએ. આપણને એમ થાય કે ૧૫ ઓગસ્ટ તો દર વર્ષે આવે છે, પણ આ બધા ગતકડા શું કામ કરવામાં આવ્યાં ? આ આઝાદી કા અમૃત મહોત્સવ શું છે? આપ સૌની વાત એકદમ સાચી છે કે, દર વર્ષે ૧૫મી ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કરી અને આપણે ધ્વજને સલામી આપતા હોઈએ છીએ, અને એટલું સહજતાથી પછી ભૂલી પણ જતા હોઈએ છીએ, કે આ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું આપણા નસીબમાં આવ્યું, એની માટે કેટલા જણને કુરબાની દેવી પડી છે. કેટકેટલી માતાઓ વિધવા થઈ, કેટલા બાળકો અનાથ થયાં, અને કેટલાય બેઘર થયાં, ત્યારે આપણને આ ધ્વજવંદન કરવાનું સદનસીબે મળ્યું છે, એટલે કે આઝાદી મળી છે. તો આજે આપણે ચિંતનમાં આઝાદ ભારત વિશે વાત કરી અને મા ભારતીનાં ચરણોમાં ચિંતન સમર્પિત કરી દેશપ્રેમને પ્રબળ બનાવીશું.

આપણે તો એ ગુલામીના દિવસો સહન કરવા પડ્યા નથી, એટલા નસીબદાર છીએ, અને એ નસીબદારી, આપણને એ બલિદાન દેવાવાળાને યાદ રાખવાની અને સદા વંદન કરવાની ફરજ પાડે છે. પરંતુ હકીકતમાં એવું થતું નથી, માટે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. એટલે કે દેશના એ વીર ક્રાંતિકારીઓ તેમજ આઝાદીની કોઈપણ લડતમાં ભાગ લેનારા કેટલાએ શહીદો તેમજ દેશવાસીઓ ના નામ ઈતિહાસના પાના પર નથી, પણ તેની કુરબાની એળે ન જાય માટે એવા વીર સપૂતોનું સ્મરણ કરી, તેને શ્રદ્ધાંજલિ આપવાનું નક્કી કર્યું હતું. દેશમાં આ કાર્યક્રમ પુરા બે વર્ષ સુધી એટલે કે ૨૦૨૧ ની ૧૨ માર્ચથી

શરૂ કરીને ૨૦૨૩ ના ૧૨ માર્ચ સુધી આ કાર્યક્રમ ચાલ્યો. ૨૦૨૧ ની બાર માર્ચે આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાબરમતી ખાતે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું, અને પુરા ૭૫ સપ્તાહથી દેશના વિવિધ ભાગોમાં આ અંતર્ગત પ્રોગ્રામો થયો હતો. આ ઉપરાંત દેશની આઝાદીનાં મહત્વના ભાગ એટલે કે સાબરમતી જેલ, જલિયાવાલા બાગ, અને અંદમાન નિકોબારની જેલમાં અમૃત મહોત્સવની સાથે શરૂઆત થઈ હતી. સાબરમતી આશ્રમમાંથી નરેન્દ્ર ભાઈએ અમૃત મહોત્સવ માટે લીલી ઝંડી ફરકાવી હતી.

આજે તો ભારત દેશ એ દુનિયામાં આઠમા ક્રમે છે, અને વિચારોની ગતિથી વૈજ્ઞાનિક અભિગમ રાખી તે વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યો છે. એટલે ૨૦ મી સદીના ઉત્તરાર્ધમાં જન્મેલા તેમજ ૨૧મી સદીમાં જન્મેલા ભારતીય નવયુવાનોએ ભારતની એ પરિસ્થિતિ ને જોઈ ન હોય તો, આઝાદીનું મૂલ્યાંકન કઈ રીતે કરી શકાય? એની ખબર ન હોય, માટે આ અમૃત મહોત્સવ દ્વારા એમનામાં એ રીતનો દેશ પ્રેમ જગાવવાની આ પ્રક્રિયા હતી.પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રધ્વજ સાથે ફોટો અપલોડ કરવો, એટલું દેશપ્રેમ માટે પર્યાપ્ત નથી,એ વાત દરેક ભારતીય એ યાદ રાખવાની છે. તો આપણને પ્રશ્ન થાય કે આપણે એવું શું કરી શકીએ, કે જેના કારણે આપણે આપણો દેશ પ્રેમ સિદ્ધ કરી શકીએ! શું દરેકે સરહદ પર યુદ્ધ કરવા જવું જોઈએ! તો જ આપણો દેશ પ્રેમ સિદ્ધ થાય? ના! દેશ પ્રેમ દેખાડવા માટે દરેકે સરહદે યુદ્ધ કરવું અનિવાર્ય નથી, પરંતુ એ શહીદની કુરબાની ભૂલી જવી, અથવા એ સૈનિકને ઘર પરિવાર છોડીને ત્યાં દેશની રક્ષા માટે ૨૪ કલાક ખડે પગે ઊભા રહેવાનાં બલિદાનને એળે જવા દેવાનું નથી. આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કારોને ભૂલીને આપણે દેશને અંદરથી ખોખલો કરી રહ્યા છીએ, એ વાત દરેક ભારતીય એ સમજવાની જરૂર છે. તેથી આપણી સંસ્કૃતિનું મૂલ્ય વધે તેવી પ્રવૃત્તિ કરવી કે વર્તણૂક કરવી, એ પણ દેશ પ્રેમ જ છે. આ ઉપરાંત દરેક દેશવાસી માટે આપણા મનમાં પ્રેમનો ભાવ હોવો પણ એટલો જ જરૂરી છે. ભારતમાં રહીને પણ ભારત દેશ સાથે દ્રોહ કરનારા સાથે આપણા સ્વાર્થ માટે રહેવું એ દેશદ્રોહ છે. દેશ જ્યારે આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હોય, ત્યારે દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ટેક્સ ચોરી કરવી, કે ભ્રષ્ટાચાર કરવો, લાંચ લેવી, રુશ્વત દઈને આપણું કામ કરાવવું, કે સત્તાનો ઉપયોગ કરી કોઈ પણ ને અન્યાય કરવો, સંવિધાન પર વગર કારણે સવાલો ઉઠાવવા, અને આંતર રાજકીય વેર વધે એવું કરવું, એ બધું વ્યાજબી નથી, એ બધાં દેશદ્રોહ છે. આ ઉપરાંત એક પરિવારને આર્થિક સામાજિક અને સ્વાસ્થની રીતે વ્યવસ્થિત ચલાવવો કેટલો મુશ્કેલ છે! એ દરેક જાણે છે, ત્યારે કોઈ પણ સરકાર પર આક્ષેપો કરી, અને તેનું કાર્ય વિચલિત કરવું એ પણ દેશદ્રોહ છે. આવું તો કેટલું એ નાનું મોટું છે કે જે કરીને આપણે આપણો દેશપ્રેમ સિદ્ધ કરી શકીએ, અને મા ભારતીની શાન વધારી શકીએ. તો આઝાદીના આ અમૃત મહોત્સવ ભલે પૂરો થયો પણ આપણે સૌ આપણામાં એવી જ દેશભક્તિ જગાવી રાખીશું કે જે આપણને આપણી સંસ્કૃતિને વધુને વધુ ઉજ્જવળ બનાવવા માટે પ્રેરે. આપણાં જ અન્ય દેશવાસીઓ માટે આપણા હૃદયમાં સંવેદનાનું ઝરણું વહાવે, અને એમની મદદ માટે આપણો હાથ સદા તત્પર રહે. આપણા કોઈપણ જાતના સ્વાર્થ માટે આપણે દેશના કાયદાનો કે સત્તાનો ઉપયોગ નહીં કરીએ, એવું મા ભારતી ને વચન આપવું પડશે. ભારત દેશની સનાતનીય પરંપરા એ સૌથી પ્રાચીન પરંપરા છે, અને આજે વિશ્વ આખું એને અનુસરી રહ્યું છે. ત્યારે આપણે પાશ્ચાત્યના મોહમાં, એ સંસ્કૃતિને ભૂલી જવી એ યોગ્ય નથી. આપણી ફરજ છે કે આપણા સંતાનોને પણ આપણે આ બધું જણાવીએ, અને તેમનામાં પણ દેશ પ્રેમ જગાવીએ, જેથી કરીને આગલા વર્ષોમાં પણ ભારત ભૂમિના એ યુવાનો તેની ઉજવળતાને ભૂલે નહીં. ટૂંકમાં ઝીણી ઝીણી વાતો દરેકે સમજવાની છે, મારા એકના આચરણથી કંઈ નહીં થાય, એ વિચાર છોડીને દરેકે પહેલ કરવી પડશે, ત્યારે આ સુંદર મહોલ યથાવત રહેશે. એકતામાં બહુ તાકાત છે એણે આપણને કોરાના સામે ટકાવી રાખ્યા, કોરોના કાળ દરમિયાન મોદીજીએ કહ્યું, થાળી વગાડો બધાએ કોઈ પણ દલીલ વગર થાળી વગાડી. પછી મોદીજી એ કહ્યું કે વગર દિપાવલીએ દીવા પ્રગટાવો, અને ફરી લોકોએ કોઈપણ દલીલ કર્યા વગર પોતાના આંગણામાં દીવાઓ પ્રગટાવ્યા. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ફરીથી મોદીજી બોલ્યાં હતાં કે હર ઘર તિરંગા, અને લોકોએ કોઈ પણ તર્ક વગર પોતાના ઘરમાં તિરંગો લહેરાવ્યો. ભારતની ૧૪૦ કરોડ ઉપરની આબાદીમાં કોઈ એક વ્યક્તિનાં એક બોલ પર આવું થવું, એ કોઈ સામાન્ય ઘટના નથી,! એ તેની દેશ ભક્તિ કે દેશપ્રેમ દાખવે છે. સૌ માત્ર દેખાડવા પૂરતી દેશભક્તિ ન દાખવે, અને ખરેખર દેશ માટે કંઈક કરી શકે, એવી એક અનન્ય પ્રાર્થના મા ભારતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ અને જય હિન્દ.

# ભારતપ્રથમ, હંમેશા પ્રથમ હશે થીમ આજે ૭૭મો સ્વતંત્ર્ય દિવસ ઉજવવામાં આવશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

દર વર્ષે સ્વતંત્રતા દિવસની અલગ અલગ થીમ હોય છે. આ વર્ષે એટલે કે આજે પંદરમી ઓગષ્ટ ૨૦૨૩ના ૭૭મા સ્વતંત્રતા દિવસ ની થીમ ભારત પ્રથમ, હંમેશા પ્રથમ હશે 'નેશન ફર્સ્ટ, ઓલવેઝ ફર્સ્ટ' છે. આ વર્ષે સ્વતંત્રતા દિવસ આ થીમ પર ઉજવવામાં આવશે.

આજે ૭૭મા સ્વાતંત્ર્ય દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પર તિરંગો ફરકાવશે. તિરંગો ફરકાવ્યા બાદ પીએમ મોદી રાષ્ટ્રને સંબોધિત કરશે.

ભારત દેશના સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટના દિવસને ઉજવવામાં આવે છે. ૧૯૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ ઈ.સ. ૧૯૪૭નાં ૧૫મી ઓગસ્ટના દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો,આથીઆઝાદી ની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશી માં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રાજ્ય સરકારો, જિલ્લા તાલુકા અને ગ્રામ પંચાયતો દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમોનુંઆયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે જેમાં ભારતના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સરકારની પછલા વર્ષની સિદ્ધિઓ વર્ણવે છે, મહત્ત્વ નાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને પડકાર કરે છે.વડા પ્રધાન આઝાદી ની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્ય સેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે. સ્વતંત્રતા દિવસ, ભારતમાં ત્રણ રાષ્ટ્રીય રજાઓમાંથી એક પંદરમી ઓગષ્ટ અન્ય બે રજા ૨૬ જાન્યુ આરીએ પ્રજાસત્તાક દિવસ અને બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીનો જન્મદિવસ ગાંધી જયંતી બધા ભારતીય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મનાવવામાંઆવે છે.સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યા એ ભારતના રાષ્ટ્રપતિએ "રાષ્ટ્રનું સરનામું" આપે છે.તેમજ ૧૫મી ઓગસ્ટના રોજ વડાપ્રધાન દિલ્હી નો લાલ કિલ્લો જે ઐતિહાસિક સ્થળની બાજુમાં ભારતીય ધ્વજ તિરંગો ફરકાવે છે. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળ ના નેતાઓને શ્રદ્ધાંજલિ આપે છે. ભારતીય રાષ્ટ્રગીત, "જન ગણ મન" ગવાય છે. ભાષણ પછી ભારતીય સશસ્ત્ર દળ અને અર્ધ સૈન્ય દળો ના વિભાગોના માર્ચ પાસ્ટ આવે છે.પરેડ અને તસ્વીરો સ્વતંત્રતા સંગ્રામ અને ભારતની વિવિધ સાંસ્કૃતિક પરંપરાના દ્રશ્યો દર્શાવે છે.આવી જ ઘટનાઓ રાજ્યની રાજધાની ઓમાં થાય છે જ્યાં વ્યક્તિગત રાજ્યોના મુખ્યમંત્રી ઓ રાષ્ટ્રધ્વજ લહેરાવે છે,ત્યાર બાદ પરેડ અને અનુક્રમણિકા અનુસાર થાય છે. ૧૯૭૩ સુધી, રાજ્યના રાજ્યપાલે રાજ્યની રાજધાની પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ફેબ્રુઆરી ૧૯૭૪ માં, તમિળનાડુના મુખ્યમંત્રી એમ. કરુણાનિધિએ તત્કાલિન વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પાસે આ મુદ્દો ઉઠાવ્યો કે મુખ્ય પ્રધાનોને સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ આપવામાં આવે, જે રીતે સ્વતંત્રતા દિવસ પર વડા પ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે.બાદ માં સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રી ઓને ૧૯૭૪થી સ્વતંત્રતા દિવસ ની ઉજવણી પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની છૂટ છે.દેશભરની સરકારી અને બિન- સરકારી સંસ્થાઓમાં ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે.શાળાઓ અને કોલેજો માં ધ્વજ વંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે.મુખ્ય સરકારી ઈમારતો મોટેભાગે લાઈટના તારથી શણગારવામાં આવે છે. દેશ પ્રત્યે ની નિષ્ઠાના પ્રતીક માટે વિવિધ કદ ના રાષ્ટ્રધ્વજનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે.

૧૫મી ઓગસ્ટે આપણે સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરીએ છીએ.અમે અમારા બહાદુર શહીદોને નમન કરીએ છીએ. તેમના સન્માનમાં આખો દેશ એક રંગમાં રંગાઈ જાય છે. આઝાદીનો મહાન તહેવાર દેશના ખૂણે ખૂણે ઉજવવામાં આવે છે. દરેક ગલી ઓમાં ત્રિરંગો લહેરાવવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૫મી ઓગસ્ટ મંગળવારે ' ૭૭મા સ્વતંત્રતા દિન પ્રસંગે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે. ત્યાર પછી તેઓ રાષ્ટ્રજોગ સંબોધન કરશે. અમદાવાદમાં ૧૨ માર્ચ- ૨૧ ના રોજ સાબરમતી આશ્રમ થી શરૂ થયેલ 'આઝાદીના અમૃત મહોત્સવ'નું આજે ૭૭મા સ્વતંત્ર્ય દિવસે સમાપન થશે

કોરોના મહામારી ખતમ થઈ ગઈ હોવાથી આ ૭૭મા સ્વાતંત્ર્ય દિનની ઊજવણી માટે મોટી સંખ્યામાં મહેમાનોનેઆમંત્રિત કરવામાં આવ્યા છે.સરકારની જનભાગીદારી પહેલના ભાગરૂપે આ સમારંભ જોવા ૧૮૦૦ લોકોને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરાયા છે,જેમાં ૬૬૦થી વધુ ગામો ના ૪૦૦થી વધુ સરપંચ,ખેડૂત, ઉત્પાદક સંગઠન યોજનામાંથી ૨૫૦ ખેડૂતો, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અને પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજનાના ૫૦-૫૦ લાભાર્થીઓનો સમાવેશ આમંત્રણ પાઠવાયું છે.નવા સંસદ ભવન સહિત સેન્ટ્રલ વિસ્ટા યોજનાના ૫૦ કામદારો. ૫૦-૫૦ ખાદી કાર્યકરો, સરહદીય માર્ગના નિર્માણમાં સામેલ લોકો, અમૃત સરોવર અને હર ઘર જલ યોજનાની સાથે ૫૦-૫૦ પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો,નર્સો અને માછી મારોને પણ વિશેષ આમંત્રીત કરાયા છે.વધુમાં પ્રત્યેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ૭૫ યુગલોને તેમના પારંપરિક પોશાક માં લાલ કિલ્લા પર સમારંભ જોવા આમંત્રીત કરવામાં આવ્યું છે.દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત રવિવારે 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કર્યું હતું. તેમણે લોકોને તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટના ડીપી બદલીને તેમાં તિરંગો મૂકવા હાકલ કરી હતી. મારી માટી મારો દેશ ની ભાવના જનતા જનાર્દનના હદયમાં સદા રહે તે માટે દેશના ખૂણે ખૂણે કાર્યક્ર્મ થયા.

સૌ દેશવાસીઓને સિતોતેરમા સ્વાતંત્ર્ય દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.. વંદે માતરમ્.. ભારત માતા કી જય.. શહીદો અમર રહો.. અસ્તુ..

## પર્યાવરણને લઇને રાજનીતિ



એકબાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં મોટા ભાગના શહેરો પ્રદુષણને લઈને પરેશાન છે. લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. બીજી બાજુ રાજનેતાઓ માટે પ્રદુષણ અને પર્યાવરણ એકબીજાની સામે હિસાબ ચુકતે કરવાના સાધન તરીકે છે. પ્રદુષણની આડમાં રાજકીય પક્ષો પોતાના હરિફોને પછડાટ આપવામાં લાગેલા છે. પરિણામ એ છે કે આજે પણ પ્રદુષણને રોકવા અને તેને દુર કરવાની દિશામાં ઉપાય મળી રહ્યા નથી. આ વિષય પર ઈલાજ શોધવાની બાબત તો દુરની છે હાલમાં તો યોગ્ય ચર્ચા પણ થઈ રહી નથી. લોકશાહીમાં કોઈ મુદ્દા પર પક્ષ અને વિપક્ષ એકબીજાની ટિકા કરે છે તે સ્વાભાવિક છે. પરંતુ તેનો હેતુ કોઉ રસ્તો શોધી કાઢવા માટેનો હોય છે. હાલમાં જ લોકસભામાં પ્રદુષણના મુદ્દા પર જોરદાર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચા માત્ર એકબીજાની ટાંગો ખેંચવા સુધી મર્યાદિત રહી હતી. સામાન્ય પ્રજાના જીવન સાથે જોડાયેલા સૌથી ઉપયોગી મુદ્દા પર કોઈ રચનાત્મક પહેલ કરવામાં આવી ન હતી. ચર્ચા દરમિયાન ભાજપે તમામ ધ્યાન દિલ્હીમાં કેજરીવાલ સરકાર પર દોષારોપણ કરવા સુધી મર્યાદિત કર્યુ હતુ. વર્તમાન સરકારનો વિરોધ એટલી હદ સુધી કરવામાં આવ્યો હતો કે ભાજપના કેટલાક સાંસદો તો અગાઉની કોંગ્રેસની શિલા દિક્ષિત સરકારની કામગીરીની પ્રશંસામાં લાગી ગયા હતા. કેટલાક સાંસદો તો ચર્ચામાં જોડાવવા માટે પણ યોગ્ય સમજી રહ્યા ન હતા. જળવાયુ પરિવર્તનનુ સંકટ તોળાઈ રહ્યુ છે. જેને રોકવા માટે દુનિયાના દેશો યુદ્ધ સ્તર પર અભિયાન ચલાવી રહ્યા છે. જો કે અમારા માટે આજે પણ આ ટાઈમપાસ તરીકે છે. અમારા નેતાઓ આને હાસ્યાસ્પદ રીતે હાથ ધરે છે. જે લોકોને લાગે છે કે પ્રદુષણ માત્ર ભારતની સમસ્યા છે તો તેમને ચેન્નાઈ અને કેરળના પુરની સ્થિતીને યાદ કરી લેવાની જરૂર છે. હવામાનના અત્યાચારના કારણે દર વર્ષે કોઈને કોઈ વિસ્તારને માઠી અસર થઈ રહી છે.

## મંદ દવાના હિમાયતી હોમિયોપેથીનો રસપ્રદ ઇતિહાસ



હોમિયોપથીમાં રોજબરોજ ઉપયોગમાં લેવાતાં ઔષધોનું સામર્થ્ય દર્શાવતા ત્રણ માપક્રમ એટલે કે સ્કેલ આપવામાં આવ્યા છે. હોનેમાને શતાંશક કે 'સી' માપક્રમ આપ્યો છે. એટલે કે પદાર્થનું દરેક તબક્કે સોના ગુણકમાં મંદન કરવામાં આવે છે. હોમિયોપ થીમાં વધારે મંદ દ્રાવણ વધારે સામર્થ્યવાળું ગણાય છે. વધારે મંદ પદાર્થો વધારે ગુણવત્તાવાળા અને ક્રિયાશીલ હોય છે. કેટલીક વાર અંતિમ ઊપજનું એટલું બધું મંદન કરવામાં આવ્યું હોય છે કે તે દ્રાવક (નિસ્યંદિત પાણી, શર્કરા કે આલ્કોહોલ)થી સહેલાઈથી પારખી શકાતું નથી. હોમિયોપથીય ચિકિત્સકનું મુખ્ય કાર્ય રોગી દ્વારા દર્શાવવામાં આવેલ રોગનાં લક્ષણો સાંભળી તે પ્રકારનાં લક્ષણો ઉત્પન્ન કરવાવાળા ઔષધની પ સંદગી કરવાનું છે. રોગના લક્ષણ અને ઔષધના લક્ષણમાં જેટલું સામ્ય વધારે તેટલી રોગીની સ્વસ્થ થવાની સંભાવના વધારે રહે છે. ચિકિત્સકનો અનુભવ તેને સૌથી વધારે સહાયક બને છે. જૂના અને હઠીલા રોગની ચિકિત્સામાં રોગી અને ચિકિત્સક બંનેની ધીરજ આવશ્યક હોય છે. ચિકિત્સકોની ધારણા હોય છે કે પ્રત્યેક જીવંત પ્રણાલીમાં અંગો પોતાનો ક્રિયાશીલ માનક જાળવી રાખવાની પ્રવૃત્તિ કરે છે; પરંતુ આ ક્રિયાશીલ માનકમાં ફેરફાર થાય ત્યારે પ્રાણી આ માનકને જાળવવા અનેક પ્રતિક્રિયાઓ કરે છે. પ્રાણીને ઔષધ દ્વારા આ પ્રયાસમાં સહાયતા મળે છે. ઔષધ અલ્પ માત્રામાં આપવામાં આવે છે; કેમ કે રોગની ક્રિયા દરમિયાન રોગી અતિસંવેગી હોય છે. ઔષધની અલ્પ માત્રા ન્યૂનતમ પ્રભાવકારી હોવાથી માત્ર એક જ પ્રભાવ પ્રગટ થાય છે. રોગની અવસ્થામાં પેશીની રૂપાંતરિત સંગ્રાહકતાને કારણે આ એકાવસ્થા પ્રભાવ સ્વાસ્થ્યના પુનઃસ્થાપનમાં વિશેષ નિયમિત બને છે. તે શરીરની આંતરિક શક્તિની વિચલિતતા દૂર કરે છે. હોમિયોપથીનાં ઔષધ-નિર્માણના સિદ્ધાંતને આધારે હોનેમાનના સમકાલીન ડો. શુસ્લરે જીવરાસાયણિક ઔષધવિજ્ઞાન નામની નવી ચિકિત્સાપદ્ધતિ શોધી છે.

# આધુનિક વૈજ્ઞાનિક અને સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના અનુસાર દૂધને પેશ્ચ્યુરાઇઝ કરવાના નુકસાનો

૧) લેકટબેસ્લેસ અને પીડિયોકોક્સ જેવા સહજીવી અને મિત્ર કીટાણુઓ પણ નષ્ટ થઈ જાય છે. જેના કારણે તે રોગપ્રતિરોધક શક્તિ ઘટાડે છે અને પચવામાં કઠિન થઈ જાય છે. ૨) કેલ્શિયમ,ફોસ્ફરસ, કોપર અને આયર્ન જેવા ખનીજ પદાર્થો ઘટી જાય છે. તેવી જ રીતે વિટામિન છ, બી કોમ્પ્લેક્સ, C અને E પણ મોટી માત્રામાં નષ્ટ થઈ જાય છે. વિટામિન C અને B તો સંપ ૂર્ણ રીતે નાશ પામે છે. ૩) મહત્ત્વપૂર્ણ એન્જાઈમ જેવા કે લેકટોઝ, આલ્કલીન, ફોસ્ફેટ અને લેકટોપેરોક્સિડેઝ જે પાચન અને લીવરના કાર્ય માટે લાભકારક હોય છે. તે પણ નિષ્ક્રિય થાય છે. ૪) દૂધને પેંશ્ર્ચરાઈઝ કરવાથી અને કોલ્ડસ્ટોરેજ કરવાથી તેના પ્રોટીનની સંરચનાબદલવા લાગે છે. જેના પરિણામ સ્વરૂપ આ પ્રોટીન પચવામાં કઠિન થઈ જાય છે જેથી તેનો લાભ ઓછો મળે છે. કાચું દૂધ પોષક તત્ત્વોનું અદભુત સંયોજન, ચાલો હવે આપણે કાચા દૂધથી મળનારા ફાયદા ઉપર ધ્યાન આપીએ. ગૌ માતાનું કાચું દૂધ ખાલી એટલા માટે વિશિષ્ટ નથી કે તે બધાં પોષક તત્ત્વોથી ભરેલું છે, પરંતુ ગૌ માતાના દૂધમાં આ બધાં આવશ્યક તત્ત્વોનું એક અદ્ભુત સંયોજન છે. જે એન્ઝાઈમ, એન્ટીબોડી અને મિત્ર જીવાણું સાથે મળીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આવું સાત્વિક અને પોષક તત્ત્વોનું અનોખું સંયોજન બીજી કોઈ વસ્તુમાં ઉપલબ્ધ નથી. વૈજ્ઞાનિકોના મતે કાચું દૂધ શરીરને માંના દૂધની બરોબરીમાં પોષણ આપે છે. જેવી રીતે શિશુ



અવસ્થામાં માંનું દુધ સર્વશ્રેષ્ઠ છે એવી જ રીતે વયસ્કો માટે ગાયનું કાચું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ સંપૂર્ણ આહાર છે અને શરીરને સ્વસ્થ અને નીરોગી રાખવામાં મદદ કરે છે. કાચા દૂધમાં વિટામિન અને ખનીજ પદાર્થો ઉપલબ્ધ હોય છે, પરંતુ તેને પેંશ્ર્ચરાઈઝ કરવાથી ૩૦ ટકાથી સો ટકા જેટલા નષ્ટ થઈ જાય છે. B૧૨ની અને વિટામિન ઢની કમીમાં કાચું દૂધ અત્યંત લાભકારક છે. કાચા દૂધમાં ભરપૂર માત્રામાં ઉપસ્થિત વિટામિન અને ખનીજ પદાર્થો પાચનમાં, હૃદય, દ્રષ્ટિ, ચામડી, વાળ, રોગ પ્રતિકારક શક્તિ, મગજ, હાર્સોનમ (હાર્મોન) ક્રિયાઓને સ્વસ્થ રાખવામાં અત્યંત ઉપયોગી છે. કાચા દૂધમાં લાભદાયક ફેટી એસિડ હોય છે. જેવા કે કોન્જુગેટેડ લાઈનોલિક એસિડ, ઓમેગા ૩, ફેટી એસિડ જે શરીરમાં પાચનમાં, હૃદય, મગજ સંબંધી કાર્યને સપોર્ટ આપી સશક્ત બનાવે છે. આ ફેટી એસિડ શરીરને સ્નિગ્ધતા પ્રદાન કરે છે અને સ્થૂળતા ઓછી કરવામાં સહાયક છે. આ ફેટી એસિડ પેટના મિત્ર જીવાણુંને પોષિત કરે છે તથા કોલેસ્ટ્રોલ ઓછું કરે છે. દૂધને પેંશ્ર્ચરાઈઝ જ કરવાથી મોટી માત્રામાં નાશ થાય છે. કાચા દૂધમાં મોટી માત્રામાં સહજીવી મિત્રજીવી અને મિત્ર જીવાણું હોય છે, જે પાચન ક્રિયામાં અને શરીરનો સોજો ઘટાડવામાં મદદ કરે છે. આ બધા જીવાણું પેશ્ર્ચરાઈઝ કરવાથી મરી જાય છે અને તેનો લાભ આપણને મળતો નથી. કાચા દૂધમાં લાભકારી એન્જાઈમ જેવા કે પ્રોટીએજ જે પ્રોટીન પચાવવામાં મદદ કરે છે. લાઈપેજ ચરબી પચાવવામાં મદદ કરે છે. લેકટપેરોક્ષીડેસ જે હાનિકારક બેક્ટેરિયાને નાશ કરે છે. એલકલીન ફોસ્કેટઝ જે શરીરમાં સોજો ઘટાડે છે. જે હૃદયની બીમારી અને ડાયાબિટીસ થવાની સંભાવના ઘટાડે છે. ગૌ માતા પોષક તત્ત્વો આપે છે. અને પચાવવાના એન્ઝાઈમ પણ આપે છે જે પેંશ્ર્ચરાઈઝ દૂધમાં ઓછી માત્રામાં હોય છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં કાચું દૂધ અત્યંત લાભદાયી સિદ્ધ થયું છે. પાછલાં કેટલાંક વર્ષોમાં થયેલ વૈજ્ઞાનિક અનુસંધાનોથી એ સ્પષ્ટ થાય છે કે કાચું દૂધ પ ીવાવાળા વ્યક્તિમાં શ્ર્વસન તકલીફ, તાવ, એલર્જી, ગાયનાઈટીસ, રાઈનોકેજેસ કટી, વાયટીસ (આંખોની બીમારી ) ની સંભાવના પેંશ્ર્ચરાઈઝ દૂધ પીવા વાળા લોકોની તુલનામાં ઘટી જાય છે.

## શું અર્થતંત્રનું સંકટ ટળી ગયું



આપણે પાછલા શનિવારે અલનીનોની આગાહી અને તેની સંભવિત વાતાવરણીય અસરની ચર્ચા કરી હતી. આ વર્ષે ભારતીય હવામાનને અલનીનો સાથે પનારો પડવાનો છે એ સાચી વાત હોવા છતાં હવે હવામાન ખાતાએ પાછળથી એવી આગાહી કરી છે કે અલનીનો ત્રાટકશે તો પણ તેની વધુ પ્રતિકૂળ અસર વર્તાશે નહીં. જૂન મહિનાના અંત અને જુલાઇ મહિનાની શરૂઆત દરમિયાન દેશનાં અનેક રાજ્યોમાં ધોધમાર વરસાદ થયો છે અને અનેક વિસ્તારોમાં જળબંબાકાર સર્જાયો છે. ગુજરાતમાં ખાસ કરીને આ પરિસ્થિતિ જોવા મળી છે. વાસ્તવમાં આવી પરિસ્થિતિ લા નીનોની વેધર પેટર્ન દરમિયાન થતી હોય છે. જોકે આપણે મોસમનો આ મિજાજ જોતાં હવામાન ખાતાની બીજી આગાહી અનુસાર અલનીનોની અસર હળવી થવાની આશા સેવી શકીએ. ભારતના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ હજુ કેટલાક દિવસો સુધી ચાલુ રહેવાની શક્યતા છે, ભારતના હવામાન વિભાગ (આઇએમડી) એ દેશના કેટલાક પ્રદેશો માટે ઓરેન્જ અને યલો ચેતવણીઓ એલર્ટ જારી કર્યા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે ચોમાસું કેટલાક દિવસમાં તેની ઝડપી પ્રગતિ સાથે સક્રિય થયું છે અને ઉત્તરપશ્ર્ચિમના કેટલાક વિસ્તારોને છોડીને સમગ્ર દેશના મોટાભાગના પ્રદેશોને અસર કરી છે. આઈએમડીએ અલનીનો વેધર પેટર્નની રચના છતાં સમગ્ર ચાર મહિનાની સિઝનમાં સરેરાશ વરસાદની આગાહી કરી છે. આપણે આશા રાખીએ કે આ આગાહી સાચી પડે અને આપ ણે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનો સામનો ના કરવો પડે. આપ ણે પાછલા શનિવારે વાત કરી એ રીતે હવામાન અંગે સચોટ આગાહી કરવી મુશ્કેલ હોય છે. અલનીનોની અસર રહેવાની છે એ તો આઈએમડીએ સ્પષ્ટ કર્યું જ છે. તો આપણે જોઇએ કે એની અસર ખેતીવાડી અને અર્થતંત્ર પર કેવી થઇ શકે? અલબત્ત સિંચાઇ ક્ષેત્રે આપણે પ્રગતિ કરી છે અને ચિત્ર થોડું બદલાયું છે. આમ છતાં એ પણ વાસ્તવિકતા છે કે આપણો ખેતીપ્રધાન દેશ આજે પણ વરસાદના પાણી પર ઘણું અવલંબન ધરાવે છે. ભારતીય અર્થવ્યવસ્થા પર અલનીનોની સંભવિત અસર, અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, કૃ ષિ ક્ષેત્રના સંદર્ભમાં, અલનીનો માત્ર હાલના રવી પાક માટે જ ખતરો ઉભો કરી શકે છે, પરંતુ જો ચોમાસું સામાન્ય કરતાં નબળું રહેશે તો તે ખરીફ ઊપજને પણ ફટકો મારી શકે છે.

## કાજૂ-બદામનો પણ બાપ છે આ પાઈન નટ્સ

નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે પાઈન નટ્સ.નટ્સ એટલે કે સુકા મેવાને સુપરફુડનો દરજ્જો મળ્યો છે. આવું એટલા માટે કહી શકાય કેમ કે તેમાં દુનિયાભરના



પોષકતત્વો સમાયેલા છે. કાજૂ, પિસ્તા, બદામ, કિશમિશ, અખરોટ અને અંજીર વગેરેમાં વિટામિન, પ્રોટીન, મિનર, મેગ્નેશિયમ, કોપર, ફોલિક એસિડ, બી કોમ્પ્લેક્સ, ઝિંક વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે. પણ તેનાથી પણ વધારે ફાયદાકારક છે ચિલગોઝા જેને પાઈન નટ્સ પણ કહેવાય છે. કાજૂ બદામની માફક તે દરેક ઘરમાં જોવા નથી મળતું, કેમ કે તે ખૂબ જ મોંઘા હોય છે. આ શક્તિશાળી મેવાનું એક ફળનું બીજ છે. તે ભૂરા રંગનું હોય છે. આ બીજ સફેદ રંગના લાંબા આકારનું હોય છે. આપ આ નટ્સના સેવનથી સ્નૈક, સ્મૂદી અથવા સૈલેડમાં નાખીને કરી શકો છો. તેને ખાવાથી ડાયાબિટિસ, મોટાપા, કોલેસ્ટ્રોલ વગેરેની બીમારી નહીં થાય. તેની સાથે જ આપણા મગજને મજબૂત બનાવે છે.

BOLLYWOOD NEWS FLASH

**આ માટે રૂમને રંગબેરંગી ફુગ્ગાથી શણગારવામાં આવ્યો હતો તેમજ ગિફ્ટમાં સોફ્ટ ટોઝ આપવામાં આવ્યા હતા**



## સુમ્બુલ તૌકીર ખાને સેલિબ્રેટ કર્યો સાવકી બહેન ઈઝરાનો બર્થ ડે

। મુંબઈ, તા.૧૪ ।

ઈમલી શોથી પોપ્યુલર થયેલી સુમ્બુલ તૌકીર ખાન કોઈને કોઈ કારણથી ચર્ચામાં રહેતી આવી છે. ક્યારેક બિગ બોસ ૧૬માં ભાગ લેવા માટે, ક્યારેક કથિત બોયફ્રેન્ડ ફહમાન ખાન સાથેના સંબંધોમાં પ ડેલી તિરાડ માટે તો ક્યારેક પિતા તૌકીર ખાનના બીજા નિકાહ માટે. સુમ્બુલના પિ તાએ ડિવોર્સના વર્ષો બાદ જૂન મહિનામાં ફરીથી નિકાહ કર્યા હતા. તેમની બીજી પ ત્ની પણ ડિવોર્સી છે અને તેને એક દીકરી છે. સુમ્બુલ અને સોનિયા તેમ પહેલાથી જ બે બહેનો હતી અને હવે તેઓ ત્રણ બહેનો થઈ ગઈ છે. ૧૯ વર્ષની આ એક્ટ્રેસે જેટલી સહજતાથી નવી મમ્મીને સ્વીકારી લીધી એટલી જ ઝડપથી તેનું નાની બહેન સાથે પણ બોન્ડિંગ થઈ ગયું છે. હાલમાં ઈઝરાનો બર્થ ડે હતો ત્યારે ધામધૂમથી તેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. ઈઝરાના બર્થ ડે સેલિબ્રેશનની ઝલક દેખાડતી કેટલીક તસવીરો તૌકીર ખાને સોશિયલ મીડિયા પર શેર કરી છે. પહેલી તસવીરમાં તેઓ ત્રણેય દીકરીઓ સાથે જોવા મળ્યા. બીજી તસવીરમાં બર્થ ડે ગર્લ ઈઝરા ખુશ દેખાઈ રહી છે. તેણે ફ્લોરલ પ્રિન્ટનું ફ્રોક પહેર્યું છે અને ટેબલ પર યમ્મી કેક પડેલી છે, જેના પર હેપ્પી બર્થ ડેના તોરણની સાથે ૩નો આંકડો લગાવેલો છે. બેકગ્રાઉન્ડમાં પિંક કલરના બલૂનથી હેપ્પી બર્થ ડે લખવામાં આવ્યું છે, તો સોફા પણ ઘણા બધા સોફ્ટ ટોય્સ અને બલૂન્સ પડેલા છે.ત્રીજી તસવીર પણ કેક કટ કરી તે પહેલાની છે. જેમાં સુમ્બુલ, ઈઝરા અને સોનિયા છે. અંતિમ તસવીરમાં ઈઝરા કેક પાસે પોઝ આપી રહી છે.

**તેણે કહ્યું, 'તેઓને કલાકારોથી શું સમસ્યા છે? તેઓ શા માટે વિચારે છે કે અમે સમસ્યા ઊભી કરીશું? અથવા ત્યાં પાર્ટી અને અવાજ કરીશું?**

## મુંબઈમાં ભાડે ઘર નહીં મળતા દુઃખી થઈ આકાંક્ષા જુનેજા

। મુંબઈ, તા.૧૪ ।

ટીવી શૉ કુંડલી ભાગ્યમાં જોવા મળેલી અભિનેત્રી આકાંક્ષા જુનેજાએ કહ્યું કે છેલ્લા એક મહિનામાં તેણે ૧૦૦ ફ્લેટ જોયા છે, પ રંતુ કોઈ તેને રાખવા તૈયાર નથી. તેણે હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, "મેં છેલ્લા એક મહિનામા ૧૦૦ ફ્લેટ જોયા છે, પરંતુ દરેક જગ્યાએ બધાએ ના પાડી છે. કેટલીક ડીલ પણ થઈ હતી, પરંતુ જેમ મકાનમાલિકને ખબર પડી કે હું એક અભિનેત્રી છું તો તે ડીલ પણ રદ કરવામાં આવી હતી. આકાંક્ષા જુનેજાએ કહ્યું, 'હું એક બિલ્ડિંગથી બીજી બિલ્ડિંગમાં ચક્કર લગાવું છું. મેં ફોટો જોઈને ફ્લેટ ફાઈનલ કર્યો અને ચેક લઈને માલિક સાથે ફાઈનલ મીટિંગ માટે ગઈ હતી. પરંતુ જેમ તેઓને મારા



પ્રોફેશન વિશે ખબર પડી તો તેમણે એવું કહીને ના પાડી દીધી કે તે કલાકારોને ફ્લેટ નથી આપતા. અગાઉ પણ મને એક ફ્લેટ ગમ્યો હતો જે મારા બ્રોકરે દેખાડ્યો હતો. પરંતુ જેમ તેને મારા એક્ટર હોવાની જાણ થઈ તો તેણે કહ્યું કે આ ફ્લેટ અત્યારે ભાડા માટે નથી. એક્ટ્રેસ આકાંક્ષાએ જણાવ્યું કે કેટલીક સોસાયટીઓએ એક્ટર્સને ભાડા પર ફ્લેટ ન આપવાનો ખૂબ જ કડક નિયમ બનાવ્યો છે.

## પપ્પા બન્યા બાદ સંપૂર્ણ રીતે બદલાઈ ગયો છે શોએબ ઈબ્રાહિમ

। મુંબઈ, તા.૧૪ ।

પહેલીવાર પિતા બનેલા શોએબ ઈબ્રાહિમે હાલ તેની આ નવી જર્નીની એક-એક ક્ષણને એન્જોય કરી રહ્યો છે. અજૂની એક્ટરે ન્યૂ પેરેન્ટ તરીકેના તેના જીવન વિશે વાત કરી હતી અને તેને જીવનનો સૌથી સુંદર તબક્કો ગણાવ્યો હતો. આ સિવાય તેણે ડેડી ડ્યૂટી નિભાવવા વિશે વાત કરી હતી અને દીકરા સાથે રહેવાની ઈચ્છા થાય ત્યારે તે કેવી રીતે ઘરે દોડી આવે છે તે વિશે જણાવ્યું હતું. શોએબે જ્યારે તેનો દીકરો પ્રીમેચ્યોર જન્મ્યો અને થોડા દિવસ એનઆઈસીયુમાં રાખવો પડ્યો તે મુશ્કેલ સમયને પણ યાદ કર્યો હતો. તેણે કહ્યું હતું કે 'આજકાલ તો હું જ્યાં પણ હોવ વોચ જોયા કરું છું. મને ઘરે જવાની ઈચ્છા થાય છે. હું મારો બધો સમય મારા દીકરા સાથે પસાર કરવા માગુ છું. હકીકતમાં જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેની સાથે રહેવા માટે મેં ૧૦-૧૨ દિવસની લીવ લીધી હતી. જ્યારે અમારા શોના ૩૦૦ એપિસોડ પૂરા થયા ત્યારે હું કેક કટિંગ માટે ગયો હતો. પરંતુ મારી નજર માત્ર વોચ પર જ હતી. વાત કરતાં તેણે કહ્યું હતું કે 'નવી ડ્યૂટા સારી રીતે નિભાવી રહ્યો છું અને સમય પણ સારો સારી રહ્યો છે. આ નવી જર્ની સુંદર છે. સાચું કહું તો હવે મને બહાર જવાની ઈચ્છા નથી. હું માત્ર મારા દીકરા અને પરિવાર સાથે ઘરે રહેવા માગુ છું. રુહાન ઉંઘ્યા કરે છે અને હું તેની સામે જોયા કરું છું. હું તેને થોડો પરેશાન પણ કરું છું. જ્યારે જાગે ત્યારે મારા હાથમાં લઉ છું અને આખા ઘરમાં ફરું છું. હું દીપિકા પાસેથી નવી વસ્તુઓ શીખી રહ્યો છું. અજૂનીને એક વર્ષ પૂરું થતાં દીપિકા કક્કરે સુંદર સરપ્રાઈઝ આપી હતી.

**શોમાં શરૂઆતમાં અક્ષરાની મિત્ર અને ભાભીના રોલમાં જોવા મળેલી પૂજા જોશી અરોરા આજકાલ પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે**

## યે રિશ્તા ક્યા કહેલાતા હૈ ફેમ પૂજા જોશી બની દીકરીની મમ્મી

। મુંબઈ, તા.૧૪ ।

યે રિશ્તા ક્યા કહેલાતા હૈ લાંબા સમયથી ટીવી સ્ક્રીન પર પ્રસારિત થયેલા શોમાંથી એક છે. શોને ૧૫ વર્ષ પૂરા થઈ ગયા છે. આ શોની કાસ્ટમાં અત્યારસુધીમાં ધરમૂળથી ફેરફાર થયો છે. જો કે, મૂળ કલાકારોને દર્શકો ભૂલ્યા નથી અને તેમને હજી પણ તેમના પાત્રોના નામથી ઓળખે છે. શોમાં શરૂઆતમાં અક્ષરાની મિત્ર અને ભાભીના રોલમાં જોવા મળેલી પૂજા જોશી અરોરા આજકાલ પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. ગત મહિને તેણે પ્રેગ્નેન્સીની જાહેરાત કરી હતી અને હવે તે મા બની ગઈ છે. તે અને પતિ મનિષ અરોરા પહેલાથી જ એક દીકરીના માતા-પિતા હતા અને તેમના ઘરે બીજીવાર લક્ષ્મીજીનું આગમન થયું છે. પૂજા જોશીએ શુક્રવારે સોશિયલ મીડિયા પર બીજીવાર મમ્મી બન્યાના ગુડન્યૂઝ શેર કર્યા હતા. તેણે લખ્યું હતું 'ભગવાનની દયાથી આજે દીકરીને જન્મ આપ્યો છે. તમારા આશીર્વાદ વરસાવતા રહેવાની વિનંતી'. આ સાથે એક પ ોસ્ટમાં દીકરીનું શું નામ રાખ્યું તેનો પણ ખુલાસો કર્યો હતો. જે મુજબ કપલે નવજાત દીકરીનું નામ 'રુહાની' રાખ્યું છે. જેનો અર્થ થાય છે 'આધ્યાત્મિક,પવિત્ર અને દૈવી'.



## બાળપણમાં કોંકણાની માતા તેને ટીવી જોવા દેતી ન હતી

**કોંકણા સેને રણવીર શૌરી સાથે લગ્ન કર્યા હતા**

**ટીવીની દુનિયામાં એકથી વધુ શો આવે તો પણ, જોકે, આ બંને શોને કોઈ રિપ્લેસ કરી શક્યું નથી**

। મુંબઈ, તા.૧૪ ।

બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી, ફિલ્મ નિર્માતા કોંકણા સેન શર્માએ પોતાના જીવન વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે પોતાના તાજેતરના ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો છે કે, તેની માતા અપર્ણા સેન તેને રામાયણ અને મહાભારત જેવા ધાર્મિક ટીવી શો જોવાની મનાઈ કરતી હતી. જાણે કે, અભિનેત્રીના આ ખુલાસાથી સોશિયલ મીડિયા પર ખળભળાટ મચી ગયો છે. જોકે, તેની માતાના આ નિર્ણય પાછળ એક મોટું કારણ સામે આવ્યું છે. કોંકણા સેન શર્મા તાજેતરમાં 'ફિલ્મ કમ્પેનિયન' સાથે વાતચીતમાં આવી હતી. આ



દરમિયાન તેણે પોતાના કરિયરથી લઈને અંગત જીવન સુધીની ઘણી રસપ્રદ વાતો શેર કરી હતી. વાતચીત દરમિયાન તેણે પોતાના બાળપણના દિવસો પણ યાદ કર્યા. આ દરમિયાન એક સવાલનો જવાબ આપતાં અભિનેત્રીએ ખુલાસો કર્યો કે તેની માતાએ તેને રામાયણ અને મહાભારત જોવા પણ મંજૂરી આપી ન હતી. અભિનેત્રીની માતાએ કહ્યું કે, પહેલા તેની પુત્રીએ મહાકાવ્ય વાંચવું અને સમજવું જોઈએ અને પછી તે બધામાં શું કહેવામાં આવ્યું છે તે જોવું જોઈએ. તેણે કહ્યું કે ,આ મહાકાવ્યોને પહેલીવાર જોવું કોઈની કલ્પના પણ ન હોવી જોઈએ. તે તમારી પોતાની કલ્પના હોવી જોઈએ. કોંકણા સેન શર્માએ વાતચીતમાં એમ પણ કહ્યું હતું કે માત્ર 'રામાયણ' અને 'મહાભારત' જ નહીં, તેને 'ધ બોલ્ડ એન્ડ ધ બ્યુટીફુલ' અથવા 'સાન્ટા બાર્બરા' જેવા અમેરિકન સોપ ઓપેરા જોવાની પણ મંજૂરી નહોતી. આ સિવાય તેની માતા તેને ગમે ત્યારે હિન્દી અને બંગાળી ફિલ્મો જોવાની મનાઈ કરતી હતી. આવી સ્થિતિમાં તેમને અનેક પ્રકારના સિનેમા જોવાનો મોકો મળ્યો. કોંકણાએ કહ્યું કે, તેની માતા બાળપણમાં તેની સાથે પુખ્ત વયની જેમ વર્તે છે. જોકે, તે ઉંમરમાં ઘણી નાની હતી, પરંતુ તેની માતાએ તેને હંમેશા તેની જગ્યાએ રાખ્યો અને તેનું ભરણપોષણ કર્યું. તેથી જ તે ઘણી બાબતોને સમજવામાં ખૂબ મદદરૂપ થયો. અભિનેત્રી કહે છે કે, તેની માતાએ જે રીતે તેની સંભાળ લીધી તેનાથી તેને ઘણી શક્તિ મળી.

# ઝાલોદ નગરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મારી માટી મારો દેશનો પ્રોગ્રામ નગરપાલિકા દ્વારા યોજાયો

## કેશવ પાર્ક ખાતે શહીદ તકતીનું શિલાન્યાસ, માટીનું પૂજન, ધ્વજ વંદન તેમજ વૃક્ષ રોપણ કાર્યક્રમ યોજાયો



। ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ નગરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે મારી માટી મારો દેશના પ્રોગ્રામનું આયોજન નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. સહુ પ્રથમ ડી.જે પર દેશભક્તિ ગીતોની રમઝટ વચ્ચે બી.એમ. હાઈસ્કૂલ ખાતે થી વિદ્યાર્થીઓ તેમજ પોલિસ સ્ટાફ દ્વારા હાથમાં તિરંગા ધ્વજને લઈ નગરના દરેક વિસ્તારમાં રેલી કાઢવામાં આવી હતી તેથી નગરનો માહોલ રાષ્ટ્રભક્તી થી રંગાઈ ગયેલ જોવા મળતો હતો. નગરના કેશવ પાર્ક ખાતે રેલીનું સમાપન કરી સહુ લોકો કેશવપાર્કની અંદર યોજાયેલ પ્રોગ્રામમાં જોડાયેલ હતા.

સહુ પ્રથમ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ સ્કૂલની બાળાઓ દ્વારા સુંદર પ્રાર્થના કરવામાં આવી અને ત્યાર બાદ ઉપસ્થિત સહુ લોકોનું પુષ્પગુચ્છ થી સ્વાગત નગરના પધારેલ અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઝાલોદ શહેર પ્રમુખ દિનેશ પંચાલ અને ભરત શ્રીમાળી દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ભરત શ્રીમાળી દ્વારા મારી માટી મારો દેશ પ્રોગ્રામ કેમ યોજાઈ રહેલ છે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરજ નિભાવતા હેડ કોન્સ્ટેબલ મનોજ અક્કલસિંહ માલીવાડનું બુટલેગરોનો પીછો કરતાં ૨૦૨૨ માં ફરજ દરમ્યાન મૃત્યુ થયેલ હતું. આ પ્રસંગે શહિદ મનોજ માલીવાડ ની પત્ની નિરમાબેનનું પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાવી સન્માન કરવામાં આવ્યું હતું. શહિદ મનોજભાઈની પત્ની નિરમાબેન દ્વારા પથ્થરની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું તેમજ તેમના દ્વારા ધ્વજ વંદન અને વૃક્ષ રોપણ કાર્યક્રમ પણ કેશવ પાર્ક ખાતે કરવામાં આવેલ હતો.

ઉપસ્થિત સહુ લોકો દ્વારા કેશવ પાર્કની માટી જે દિલ્હી મોકલવાની છે તે માટીનું પૂજન કરી તેના સાથેની સેલ્ફ પાડી હતી. છેલ્લે ઉપસ્થિત સહુ લોકો ભારત માતાકી જય , વીરો અમર રહોના નારા સાથે વાતાવરણ ગજવી દીધેલ હતું. આ પ્રસંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અગ્નેશ પંચાલ, પારૂલબેન હાંડા ,ટપુ વસૈયા , ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલ તેમજ નગરના પૂર્વ કાઉન્સિલરો,નગર સેવકો, ભાજપ મહિલા મંડળ તેમજ નગરપાલિકાનો સંપૂર્ણ સ્ટાફ હાજર રહ્યો હતો. સમગ્ર પ્રોગ્રામ નગરપાલિકા દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ હતો તેમજ આખાં પ્રોગ્રામનુ સંચાલન નગર સેવક ગોહિલ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવેલ હતું.

# સહકાર ભારતી મહીસાગર જીલ્લાનો સહકાર સે સમૃદ્ધિ વિષયે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

ભરતકુમાર પંડ્યા

। સંતરામપુર, તા.૧૪ ।



ગોસાઈ સમાજ ની વાડી મનોહરલાલજી અખાડા લુણાવાડા ખાતે યોજાયેલ જેમા મુખ્ય વક્તા તરીકે સહકાર ભારતી ગુજરાત પ્રદેશ ના પ્રચાર પ્રસાર પ્રમુખ શ્રી સુરેશભાઈ આહીર મુખ્ય વક્તા, હિરેનભાઇ શાહ આણંદ વિભાગમાથી નીતિન સોની, યતીનભાઈ મહેતા હાજર હતા. આ ઊપરાંત મહીસાગર જિલ્લા અધ્યક્ષ શ્રી બાલુભાઈ પટેલ, જીલ્લા ઉપાધ્યક્ષ શ્રી ભુલાભાઈ પટેલ, જીલ્લા મંત્રી શ્રી સંતોષભાઈ જોષી, જીલ્લા કોષાધ્યક્ષ શ્રી ચંદ્રકાન્ત ભાટીયા, સંતરામપુર અર્બન બેક્ર ના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, કડાણા Apmc ચેરમેન શાંતિભાઈ પટેલ, ભાજપા જીલ્લા અધ્યક્ષ શ્રી દશરથભાઈ પટેલ ની વિશેષ ઉપસ્થિતી અને એ ઉપરાંત મહીસાગર જીલ્લા ના વિવિધ સહકારી બેક્રો, ક્રેડિટ સોસાયટી ઓ, સેવા સહકારી મંડળીઓ, દુધ ડેરી ના ચેરમેન અને ડિરેક્ટર શ્રી ઓ તેમજ મહિલાઓ ખાસ કરીને અમીબેન સેવક દ્વારા લુણાવાડા નગર ની સામાજીક ક્ષેત્રે જોડાયેલ બહેનો અને સંતરામપુર અર્બન બેક્ર ના મહિલા ડિરેક્ટર હાજર હતા. તદઉપરાંત પ્રદેશ પ્રચાર પ્રસાર પ્રમુખ ના ધર્મ પત્નિ ઈલાબેન આહીર કે જેવો ભરૂચ શહેર ઈનર વ્હીલ ક્લબ ના પ્રમુખ અને નીતિન સોની ના ધર્મ પત્ની પારૂલબેન સોની કે જેવો પણ પંચમહાલ જીલ્લા સહકાર ભારતી ના મહિલા સહસયોજક છે તેવો બંન્ને હાજર રહેલ.આખા કાર્યક્રમ મા લગભગ ૧૫ બહેનો અને ૭૦ જેટલા ભાઈઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ નુ દીપ પ્રાગટય થી ઉદઘાટન કરી મહીસાગર જિલ્લા અધ્યક્ષ બાલુભાઈ પટેલે શબ્દો થી સ્વાગત અને ભુલાભાઈ પટેલ દ્વારા સહકાર ભારતી વિષે જાણકારી આપેલ, કડાણા Apmc ના ચેરમેન શાંતીલાલ પટેલ, ભાજપા પ્રમુખ દશરથભાઈ બારીયા દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન આપેલ અને અંતે મુખ્ય વક્તા સુરેશભાઈ આહીર દ્વારા સહકાર વિષે, સહકારી મંડળીઓ ના કાયદાઓ વિશે, અને સહકાર ભારતી વિશે માહીતિ રજુ કરેલ. સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન જીલ્લા મંત્રી શ્રી સંતોષભાઈ જોષી અને અંતે આભાર વિધી વિભાગ સયોજક નીતિનભાઈ સોની દ્વારા કરવામાં આવેલ અને અંતે સૌ એ રાષ્ટ્ર ગીત કરી કાર્યક્રમ પુરો થયેલ જાહેર કરેલ..

# કાલે વિંછીયા ખાતે રાજકોટ જીલ્લાની સ્વાતંત્ર્ય દિનની ઉજવણી રાઘવજીભાઇના હસ્તે ધ્વજવંદનપરેડ-વૃક્ષારોપણ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો



હુસામુદીન કપાસી

। જસદણ, તા.૧૪ ।

ભારતના ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે રાજકોટ જિલ્લા કક્ષાનો ધ્વજારોહણ કાર્યક્રમ તા.૧૫ મી ઓગસ્ટ-૨૦૨૩ને મંગળવારના રોજ વીંછિયા ખાતે કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોધોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર છે. આ કાર્યક્રમ ૧૫ ઓગસ્ટ સવારે ૯ વાગ્યે એ.પી.એમ.સી.ની સામે, જસદણ રોડ, વિંછીયા ખાતે યોજાનાર છે, જેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દરમિયાન જસદણ નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ શ્રી અલ્પેશભાઈ રૂપ ારેલિયા જસદણ શહેર યુવા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી વિજયભાઈ રાઠોડ સહિતનાઓએ જસદણ વીંછિયા તાલુકાના તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી.

# આટકોટની શેરીમાં શ્ર્વાનનો ત્રાસ વધી જતા શખ્સે ઝેરી ખોરાક ખવડાવી દીધો

। જસદણ, તા.૧૪ ।



રાજકોટ જિલ્લાના આટકોટ કૈલાશનગરમાં શેરીમાં રખડતા શ્ર્વાન અવાર નવાર ભસતા હોય જેના કારણે આ વિસ્તારમાં રહેતા શખ્સે શ્ર્વાનને ઝેરી ખોરાક ખવડાવી દઈ ચાર શ્ર્વાનને મોતને ઘાટ ઉતારી દેતા પોલીસે તેની સામે પશુ-પ્રાણી પ્રત્યે ઘાતકી વલણ રાખવાનો ગુનો નોંધી ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ આટકોટ કૈલાશનગરમાં રહેતા અને પીજીવીસીએલમાં નોકરી કરતા હિતષભાઈ વિનુભાઈ યાદવ (ઉ.વ.૩૨)એ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કૈલાશનગરમાં રહેતા વજુભાઈ ધીરૂભાઈ મણદુરીયાનું નામ આપ્યું છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે કૈલાશનગર વિસ્તારમાં રખડતા શ્ર્વાનનો ત્રાસ વધી ગયો હોય અને અવાર નવાર શ્ર્વાન ભસતા હોય જેના કારણે વજુભાઈએ શનિવારે સવારે શેરીમાં રખડતા કુતરાઓને ઝેરી ખોરાક ખવડાવી દેતા બપોર સુધીમાં ટપોટપ ચાર શ્ર્વાનના મોત થયા હતા.

આ બનાવની જાણ થતા લતાવાસીઓએ પ્રાણી હેલ્પ લાઈનની મદદ લીધી હતી. જેમાં શ્ર્વાનને ઝેરી ખોરાક દેવામા આપ્યો હોવાનું જાણવા મળતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળની લીમડી મુકામે કારોબારી સભા યોજાઈ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૪ ।

દાહોદ જિલ્લા પંચાલ સમાજના સર્વાંગીણ વિકાસ માટે અને સામાજિક સંગઠન માટે કાર્યરત દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળની કારોબારી સભા મંડળ ના પ્રમુખ રાજેશકુમાર નાથાલાલ પંચાલની અધ્યક્ષતા માં જીવન પ્રજ્ઞા વિદ્યાલય લીમડી ખાતે યોજાઈ ગઈ.

આ પ્રસંગે મંડળના હોદ્દેદારો...સભ્યો..યુવા અને મહિલા સંગઠનના મંત્રી સ્થાનિક મંડળના હોદદેદારો અને સામાજિક આગેવાનો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા. મંડળના પ્રમુખશ્રી અને વડીલ હોદ્દેદારના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી પ્રાર્થના થી મિટિંગમાં કામકાજ ની શરૂઆત કરવામાં આવી.. સ્થાનિક આગેવાન અને મંડળના હોદ્દેદાર જયેશ પંચાલ દ્વારા સૌનું શાબ્દિક અને કંકુ તિલક કરી ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું. મંડળના કારોબારી સભ્ય સ્વ.નરેન્દ્રભાઈ પંચાલ અને સમાજ ના અન્ય સ્વ.આત્માઓના માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલ દ્વારા ગત સભાના ઠરાવો વાંચી બહાલી મેળવવામાં આવી.

વર્ષ ૨૦૨૨/૨૩ ના વાર્ષિક હિસાબો મંડળના ખજાનચી હિતેન્દ્રભાઈ પંચાલ દ્વારા રજૂ કરવામાં આવ્યા જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. ક્રિકેટ ટુર્નામેન્ટના હિસાબો રમત ગમત સમિતિના કનવિનર ધર્મેશભાઈ પંચાલ દ્વારા રજૂ કરવામાં આવ્યા જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.. મંડળની વિવિધ પ્રવૃતિઓમાં આર્થિક સહયોગ દાતાઓ માટે મંડળ દ્વારા અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

મંડળ રચિત વિવિધ સમિતિઓ દ્વારા કામગીરી રિપોર્ટ અને આગામી આયોજન રજૂ કરવામાં આવ્યા. જેમાં સામાજિક ઉત્કર્ષ સમિતિ ના કનવિનર ધીરજલાલ કે પંચાલ દ્વારા પંચાલ સમાજના અપરણિત યુવક અને યુવતીઓ માટે પરિચય સંમેલન યોજવા અંગેનો કાર્યક્રમની રૂપ રેખા રજૂ કરવામાં આવી જેને સર્વાનુમતે મંજૂર કરી આગામી ૨૪/૦૯/૨૦૨૩ ને રવિવારના રોજ પરિચય સંમેલન દાહોદ જિલ્લા મથકે યોજવા નક્કી કરવામાં આવ્યું. તથા તે માટે પરિચય પુસ્તિકા તૈયાર કરવા તથા પરિચય પુસ્તિકામાં સમાજ દ્વારા જાહેરાતો મેળવવા અંગે આયોજન હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું.

મંડળ માં ખાલી પડેલ કારોબારી સભ્ય ની જગ્યા ભરવા બાબુલાલ એસ પંચાલ દ્વારા દરખાસ્ત આવતા સર્વાનુમતે પ્રિયાંક પંચાલ દાહોદ ના નામ ને મંજૂરી આપવામાં આવી.

પ્રશ્નોતરી કાળ દરમ્યાન તમામ ઝોન માંથી ઉપસ્થિત સભ્યશ્રીઓ દ્વારા સમાજ વિકાસ માટે વિવિધ સૂચનો..માર્ગદર્શન અને મુઝવણ રજૂ કરવામાં આવી. જેને આવનારા સમયમાં અમલીકરણ કરવા તરફ મંડળના પ્રમુખ અને મહામંત્રી તરફથી ખાત્રી આપવામાં આવી.. યુવા અને મહિલા સંગઠન ના મંત્રી દેવેન્દ્ર પ્રસાદ અને નિલેશ્વરી બેન પંચાલ દ્વારા સંગઠન ને વધુ મજબૂત બનાવવા અને રચનાત્મક પ્રવુતીઓમાં સહયોગી બની સમાજના સર્વાંગીણ વિકાસમાં સહભાગી બની સમાજને આગળ લાવવા પ્રયાસ કરીશું તેવો વિચાર રજૂ કરવામાં આવ્યો.

મંડળના પ્રમુખ રાજેશકુમાર નાથાલાલ પંચાલ દ્વારા મંડળ દ્વારા થતી પ્રવુતિઓ અને આગામી આયોજન અંગે પોતાના વિચાર રજૂ કર્યા..તેમજ સમાજ વિકાસમાં તન.મન.અને ધનથી મદદરૂપ થનાર તમામ નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.મંડળને વધુ ગતિશીલ બનાવવા સભ્ય નોંધણી અને સૌનો સાથ સૌનો વિકાસ સંકલ્પ સાકાર કરવા અપીલ કરવામાં આવી.

સમગ્ર કારોબારી સભાનું સફળ સંચાલન મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું. મંડળના કાર્યાધ્યક્ષ અનિલભાઈ પંચાલ દ્વારા મીટીંગ સ્થળ અને સુંદર ભોજન વ્યવસ્થા માટે સ્થાનિક આગેવાનો અને મીટીંગ ને સફળ બનાવવા બદલ ઉપસ્થિત તમામ માટે આભારદર્શન કરી મિટિંગની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

# આણંદ જિલ્લામાં જૂના મોબાઇલ લે-વેચ કરનાર વેપારીઓએ રજિસ્ટર નિભાવવાનું રહેશે

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૪ ।

આણંદ જિલ્લામાં નવા-જૂના મોબાઈલ લે-વેચ કરનાર તથા સીમકાર્ડ વેચનાર વેપારીઓને આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આર. એસ. દેસાઈએ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા રજિસ્ટર નિભાવવા હુકમ કરેલ છે.

કેટલાક ગુન્હેગારો જુના મોબાઈલના આઈ.એમ.ઈ.આઈ. નંબર સાથે ચેડા કરી ગુન્હાહીત ઉપયોગ કરતા હોય છે, તેમજ સીમકાર્ડ ડીલરો ગ્રાહકના બોગસ/ અપુરતા ઓળખના આધારોથી સીમકાર્ડ વેચાણ તથા એક્ટીવેટ કરાવતા છે. જેને પરીણામે ગુન્હેગારો પોતાની ઓળખ છુપાવીને મોબાઈલ હેન્ડસેટ તથા સીમકાર્ડ મેળવીને આવા મોબાઈલથી ખંડણી, ધમકી, અપહરણ, સતામણી, દારૂ તથા જુગાર સંબંધી ગુન્હોઓ કરતા હોય છે. આવા ગુન્હાઓને અટકાવવા માટે નવા-જૂના મોબાઈલ/હેન્ડસેટ લે-વેચ કરનાર તથા સીમકાર્ડનું વેચાણ કરતા વેપારીઓએ રજિસ્ટર નિભાવવાનું રહેશે.

આ જાહેરનામા મુજબ નવા-જૂના મોબાઈલ/હેન્ડસેટ લે-વેચ કરનાર તથા સીમકાર્ડનું વેચાણ કરતા વેપારીઓએ મોબાઈલ લેતાં પહેલાં તેમના રજિસ્ટરમાં મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનાર તથા વેચનારની ઓળખ અંગેની તમામ વિગતો ફરજીયાતપણે નોંધવાની રહેશે તથા તે માટે અલગ અલગ રજિસ્ટર નિભાવવાના રહેશે, જે મુજબ નવા મોબાઈલ/હેન્ડસેટ વેચાણનું રજીસ્ટર, જુના મોબાઈલ ખરીદવા અંગેનું રજિસ્ટર, જુના મોબાઈલ વેચવા અંગેનું રજીસ્ટર તથા સીમ કાર્ડ વેચાણ અંગેનું રજીસ્ટર અદ્યતન રાખવાનુ રહેશે.

કોઈપણ વ્યકિત મોબાઈલ, સીમકાર્ડ, હેન્ડસેટ વગેરે ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર વેચશે, ખરીદશે અથવા કોઈપણ રીતે અન્યને તબદીલ કરશે તો તે અંગે તેવા મોબાઈલ, સીમકાર્ડ, હેન્ડસેટ વગેરે વેચનાર કે પ્રાપ્ત કરનારની જવાબદારી રહેશે. આ ઉપરાંત સત્તાધિશ અધિકારી ચકાસણી અર્થે માગે ત્યારે અદ્યતન રજિસ્ટર રજુ કરવાનું રહેશે, તેમજ સીમકાર્ડ વેચાણનું સ્ટોક રજીસ્ટર, વેચાણ રજીસ્ટર તથા ઓળખના આધારનો રેકર્ડ ૧ વર્ષ સુધી જાળવણી કરાવવાની મુખ્ય જવાબદારી ડીસ્ટ્રીબ્યુટરની તથા રીટેલરની ૧ માસ સુધી રહેશે.

આ જાહેરનામું તા.૧૩/૦૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે, તેમજ આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તણાવમુક્ત અને શાંત રહો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તણાવમુક્ત અને શાંત રહો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે તથા તમને અપેક્ષાથી વધારે વળતર અપાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. જો તમે પ્રેમ જીવન ના તાર ને મજબૂત રાખવા માંગતા હો, તો પછી ત્રીજા વ્યક્તિ ના શબ્દો સાંભળી ને તમારા પ્રેમી વિશે કોઈ મંતવ્ય ન લો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. સફળતા ચોક્કસ જ તમારી છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. એકબીજાના દ્દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથે જ મન માં શાંતિ પણ હશે. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

### કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોત્તમ રૂપાલાએ રાજપીપળા ખાતેથી તિરંગા યાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

# દેશને એકસૂત્રતામાં જોડી રાખવા માટે 'મારી માટી, મારો દેશ' એક અદભૂત ઝુંબેશ : કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા

### દેશની માટીનું ઋણ અદા કરવા અને વીર જવાનોના ત્યાગ બલિદાનને બિરદાવવા નાંદોદ તાલુકાની ભદામ પ્રાથમિક શાળા ખાતે શીલાફલમનું અનાવરણ કરતા કેન્દ્રીય મંત્રી







। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૪ ।

દેશની માટીનું ઋણ અદા કરવા તેમજ આઝાદી માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીરો, વીર શહીદોના બલિદાનની બિરદાવવા 'મારી માટી, મારો દેશ' ઝુંબેશ ચાલી રહી છે. જેને અનુલક્ષીને નાંદોદ તાલુકાની ભદામ પ્રાથમિક શાળા ખાતે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં શીલાફલકમનું અનાવરણ કરાયુ હતુ. આ પ્રસંગે મંત્રી રૂપલાએ જણાવ્યું કે, વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ આ ઝુંબેશ અદભૂત છે. જે દેશવાસીઓમાં દેશપ્રેમની ભાવનાનું નિર્માણ કરવા સહિત દેશને એકસૂત્રતામાં જોડવાનું કાર્ય કરશે. શાળાના પટાંગણમાં કેન્દ્રીય મંત્રીના પ્રેરણાદાયી ઉપસ્થિતિ વચ્ચે સૌ ગ્રામજનો, બાળકોએ હાથમાં માટીના દીવામાં માટીની સાક્ષીમાં રાષ્ટ્રના વિકાસ, દેશના વારસાનું સંરક્ષણ, દેશની એકતા અને પોતાના ફરજો, જવાબદારી સહિત ગુલામીની માનસિકતામાંથી મુક્તિ અંગે અમૃતકાળના પંચ પ્રણની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. મંત્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને ઝુંબેશ સંલગ્ન સેલ્ફી પણ લીધી હતી. ઉપરાંત વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો સંદેશો આપ્યો હતો.

વધુમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાજીએ અંબુભાઈ પુરાણી હાઈસ્કુલના પટાંગણ ખાતેથી તિરંગા યાત્રાને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. જ્યાં શાળા-કોલેજના બાળકો, ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કુલના વિદ્યાર્થીઓ સહિત પોલીસ વિભાગ તથા તેમની સાથે સંકળાયેલા વિવિધ પાંખના જવાનોએ રેલી થકી રાજપીપલા નગરજનોમાં દેશભક્તિનો જુવાળ જોવા મળ્યો હતો.

મંત્રી રૂપાલા સહિત જિલ્લા પંચાયત પ્રમુખ પર્યુષાબેન વસાવા, સાંસદ સર્વશ્રી મનસુખભાઈ વસાવા અને શ્રીમતી ગીતાબેન રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ સહિત જિલ્લાના અગ્રણી ઘનશ્યામભાઈ પટેલે તિરંગા યાત્રાને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મંત્રીના પ્રવાસ કાર્યક્રમમાં રાજપીપલા સરદાર ટાઉન હોલ ખાતે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરાઈ હતી. જ્યાં મંત્રીએ મા ભારતીને નમન-વંદન કરીને દેશના વિભાજન વખતની પરિસ્થિતિ અંગે દર્શાવવામાં આવેલ પ્રદર્શની નિહાળી હતી. આ પ્રસંગે મંત્રીએ દેશની નવયુવા પેઢીને દેશના ઈતિહાસ અને વારસાથી પરિચિત રહેવા અંગે અનુરોધ કર્યો હતો.

## આણંદ જિલ્લામાં વાહનોની લે-વેચ કરનાર બ્રોકર/એજન્ટોએ નિયત રજીસ્ટર નિભાવવાનું રહેશે

। આણંદ, તા.૧૪ ।

આણંદ જિલ્લામાં સાયકલ, થ્રી વ્હીલર, ટુ વ્હીલર, વિદ્યુતથી ચાલતાં વાહનો સહિતના તમામ વાહનોની લે-વેચ કરનાર, બ્રોકર, કમિશન એજન્ટ તેમજ ભાડે આપનાર વેપારીઓને આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આર.એસ.દેસાઈએ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા રજીસ્ટર નિભાવવા હુકમ કરેલ છે.

આ જાહેરનામા મુજબ આણંદ જિલ્લાના વાહનો વેચનાર, લે-વેચ કરનાર, બ્રોકરો/કમિશન એજન્ટો તેમજ ભાડે આપનાર વેપારીઓએ ગ્રાહક પાસેથી તેમજ ભાડે રાખનાર પાસેથી ઓળખના પૂરતા પૂરવા લઈને જ ખરીદ-વેચાણ-ભાડે આપવાનું રહેશે તેમજ આ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આવા વેપારીઓ, બ્રોકરો કે કમિશન એજન્ટ ગ્રાહકનું વાહન લે-વેચ માટે પોતાના કબજામાં સંભાળે ત્યારે તુરંત જ નિયત નમૂના મુજબના રજીસ્ટરમાં તેની નોંધ કરી અદ્યતન સ્થિતિમાં રાખવાનું રહેશે. આ રજીસ્ટરમાં ભાડે રાખનાર/લેનાર/વેચનાર ગ્રાહકનું નામ, સરનામુ, મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, એન્જીન-ચેસીસ નંબર, વાહનનો કબજો સંભાળ્યા તારીખ-સમય કે ગ્રાહકે વાહન ભાડે રાખ્યાની તારીખ-સમય, લે-વેચ અને સોદાના અંતે વેપારી-બ્રોકરે વાહનનો કબજો ગ્રાહકને સોંપ્યા તારીખ-સમય તથા આ ગ્રાહકે ભાડા પરથી વાહન પરત સોપ્યા તારીખ સમય, ભાડે રાખનાર/લેનાર/ વેચનાર ગ્રાહકની સહી તથા વેપારી-બ્રોકર કમિશન એજન્ટની સહી દર્શાવવાની રહેશે.

આ ઉપરાંત વાહન લે-વેચ/ભાડે આપવા માટેના વેપારી/બ્રોકરોના કબજામાં રહેલ વાહનો રાખવાની પર્યાપ્ત જગ્યા રજીસ્ટરમાં દર્શાવવાની રહેશે તથા આવી જગ્યાની માલિકી/ભાડા કરારના દસ્તાવેજો રજીસ્ટર સાથે સામેલ રાખવાના રહેશે તેમજ આવા તમામ વાહનો નિશ્ચિત જગ્યામાં પાર્ક કરવાના રહેશે. કબજામાં રાખેલ આવા વાહનો જાહેર સરકારી માલીકીના જગ્યામાં વ્યાપારી હેતુ માટે દુરુપયોગ કરવામાં આવશે તો તે આ જાહેરનામાનો ભંગ ગણાશે.

આ હુકમ તા.૧૩/૦૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

## ટાટા મોટર્સે ભારતીય રસ્તાઓ પર ૧ લાખ ટાટા EVsનો અનોખો માઈલસ્ટોન ઉજવ્યો

સકારાત્મક પરિવર્તન લાવવા અને ભારત માટે ટકાઉ ભવિષ્યમાં યોગદાન આપવા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પ્રત્યે સાચા રહીને, ટાટા મોટર્સે ભારતીય રસ્તાઓ પર ૧ લાખ ટાટા EVsનો અનોખો માઈલસ્ટોન ઉજવ્યો છે. આ મહત્વની સિદ્ધિને ચિહ્નિત કરવા માટે, ટાટા મોટર્સે અમદાવાદમાં તેના ગ્રાહકો સાથે એક EV રેલીનું આયોજન કર્યું હતું, જે તમામે કંપનીને આ સિદ્ધિ હાંસલ કરવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.



તસવીરમાં, શહેરમાં રેલીને લીલી ઝંડી આપતા ટાટા મોટર્સના સિનિયર લીડર્સ.

## સ્વતંત્ર દિનઃ ઝી ટીવીના કલાકારો જણાવે છે કે, તેઓ કેવી રીતે ભારતના જવાબદાર નાગરીક બનવું મહત્વપૂર્ણ છે

સ્વતંત્ર દિનએ દર વર્ષે ૧૫મી ઓગષ્ટના રોજ ઉજવવામાં આવે છે, આ દિવસે ૧૯૪૭માં ભારત એ બ્રિટીશ સામ્રાજ્યથી આઝાદી મેળવી હતી, તો આ દિવસે જાહેર રજા રાખવામાં આવે છે. ૭૬માં સ્વતંત્ર દિન નિમિતે, ઝી ટીવીના કલાકારો, જેવા કે, ભાગ્ય લક્ષ્મીનો મોહિત મલ્હોત્રા, રબ સે હૈં દુઆનો કરણવીર શર્મા, મીતની આશી સિંઘ, કુમકુમ ભાગ્યનો અભિષેક મલિક, પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિનો અર્જુન બિજલાની, પ્યાર કા પહેલા નામ રાધા મોહનની નીહારિકા રોય તથા મૈત્રીની ઈશિતા ગાંગુલી ભારતના એક જવાબદાર નાગરિક હોવા વિશે તેમના વિચારો જણાવે છે તથા આ દિવસની તેમની શ્રેષ્ઠ યાદો વર્ણવે છે.



મોહિત મલ્હોત્રા, જે ઝી ટીવીના ભાગ્ય લક્ષ્મીમાં વિક્રાંતનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, "સ્વતંત્ર દિનએ એક રિમાઈન્ડર છે કે, સ્વતંત્રતા માત્ર એક શબ્દ નથી, પણ એક વારસો છે, જેને આપણી ભાવિ પેઢીઓને વળગી રહેવું તેનું રક્ષણ કરવું તથા તેને આગળ લઈ જવું જોઈએ. આપણે એ પણ સમજવું જોઈએ કે, આ માત્ર એક વિશેષાધિકાર નથી, પરંતુ એક મૂળભૂત અધિકાર છે, જે આપણને સમર્થ બનાવે છે. હું નાનો હતો ત્યારે, શાળામાં સ્વતંત્ર દિનની ઉજવણી બહુ મોટેપાયે થતી તો તેના માટે ખૂબ જ ઉત્સાહિત રહેતા.

## બોલિંગ સોલો ટુર્નામેન્ટ નેક્સસ અમદાવાદ વન ખાતે ફનબ્લાસ્ટ દ્વારા બોલિંગ સોલો ટુર્નામેંટનું આયોજન



નેક્સસ મોલ્સ વિશ્વ-કક્ષાના શોપિંગ, મનોરંજન અને F&B અનુભવો માટે જાણીતા છે, નેક્સસ મોલ્સ દ્વારા લેન-બ્રેકિંગ બોલિંગ ટુર્નામેન્ટનું આયોજન કરાયું. આ રોમાંચક ઈવેન્ટે વિવિધ શહેરોમાંથી ૫૦ થી વધુ ખેલાડીઓને આકર્ષિત કર્યા છે અને વ્યક્તિઓને તેમની કુશળતા અને પ્રતિભા દર્શાવવા અને કુલ રૂ. ૧,૦૦,૦૦ નું રોકડ પુરસ્કાર જીતવાની અનન્ય તક આપી છે. ફનબ્લાસ્ટ હવે નેક્સસ અમદાવાદ વન ખાતે શરૂ થઈ ચૂક્યું છે.

## વિશ્વવિખ્યાત કેમ્બ્રિજના પ્રાંગણમાં ગુંજી માનસની ચોપાઈઓ

દુનિયાની મહાન યુનિવર્સિટીઓમાં કેમ્બ્રિજ યુનિવર્સિટી(યુકે)ની દિવાલો અને સમગ્ર પ્રાંગણ એક ઐતિહાસિક ઘટનાથી ગૂંજ્યું જ્યારે શનિવારે નાનકડા બાળક રુદ્રએ સૌનું સ્વાગત કર્યું અને અહીં અભ્યાસ કરતા વિવિધ સંગીત વિદ્યાર્થિઓ દ્વારા વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિક આધારિત શ્રી રામ ગુણગાન,ગુરુસ્તુતિ અને પ્રથમ શ્લોકનું સિમ્ફની આધારિત ગાન થયું.લોર્ડ ડોલર પોપટ દ્વારા બ્રિટિશ ગવર્મેન્ટના મેમ્બર તરીકે સ્વાગત ઉપરાંત બંકિમહામ પેલેસથી રાજા કિંગ ચાર્લ્સ ત્રીજા દ્વારા બાપુને પ્રેમ ભર્યો આવકાર તેમજ આર્ચ બીશપ(કેન્ટબેરા) દ્વારા ડીયર મોરારીબાપુને વેલકમ અને વાઈસ ચાન્સલર દ્વારા શુભેચ્છા સંદેશ સેનેટા એલેએ પ્રસ્તુત કર્યો.

*માનસની બીજ પંક્તિઓ:*
*બિશ્વનાથ મમ નાથ પુરારિ;*
*ત્રિભુવન મહિમા બિદિત તુમ્હારી.*
*ભગત બછલ પ્રભુ કૃપાનિધાના;*
*બિશ્વબાસ પ્રગટે ભગવાના.*



આ બીજ પંક્તિ સાથે બાપુએ ત્રિભુવનગુરુ મહાદેવની અસીમ કૃપાથી વિશ્વના પ્રસિદ્ધ વિશ્વ વિદ્યાલયોમાં યશસ્વી કેમ્બ્રિજના પ્રાંગણમાં રામકથાને કેન્દ્રમાં રાખીને ભેગા થયા તેને ત્રિભુવનગુરુ મહાદેવની કૃપા જણાવી.કહ્યું કે માનસ સ્વયં વિશ્વ વિદ્યાલય છે.વિશ્વ વિદ્યાલયોમાં કેટલીય ફેકલ્ટીઓ,વિભાગો હોય છે. માનસ એક જંગમ યુનિવર્સિટી છે. જેના સાત વિભાગ છે. બાલકાંડથી ઉત્તરકાંડ સુધી.દરેકમાં વિશિષ્ટ કુલપતિ બેઠેલા છે.

## આણંદ જિલ્લાના જાહેર ખાનગી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજ, ધર્મશાળાના સંચાલકોએ મુલાકાતીઓનું રેકર્ડ નિભાવવું

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું

। આણંદ, તા.૧૪ ।

આણંદ જિલ્લામાં આવેલ જાહેર - ખાનગી હોટલ, ગેસ્ટહાઉસ, લોજ તેમજ ધર્મશાળાઓમાં મુલાકાતી, મહેમાનો, યાત્રાળુઓ રોકાણ કરે છે. જે વ્યકિતઓ પૈકી કેટલાક આતંકવાદી ભાંગફોડીયા પ્રવૃત્તિ કરી આતંક ફેલાવવા સક્રિય થાય છે. આવા રાષ્ટ્રવિરોધી તત્વો સરળતાથી ચોકકસ જગ્યાએ રોકાઈ લોકોમાં ભય અને આતંકની લાગણી ફેલાવી, પોતાને ઉપયોગી માહિતી, હકીકતો, દસ્તાવેજો, ફોટોગ્રાફ એકઠા કરી સ્થાનિક સંપર્કો શોધી જતા રહે છે. તેઓના રેકર્ડ અંગે કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી અને તેઓના રેકર્ડ રજિસ્ટરોમાં નોંધવામાં આવતા નથી. આવાં તત્વોની ઓળખ થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી આણંદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આર.એસ. દેસાઈએ તેમને મળેલ સત્તાની રૂએ આણંદ જિલ્લામાં આવેલ તમામ જાહેર અને ખાનગી હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ એન્ડ બોર્ડીંગમાં રોકાણ કરનાર વ્યકિતઓ અંગે સંચાલકોને રેકર્ડની નિયમિત રીતે નોંધણી કરવા હુકમ ફરમાવેલ છે.

આ હુકમ તા. ૧૩/૦૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે, તેમજ આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.

**વિશેષ** | કારગિલ યુધ્ધના હીરો – રૂમાલભાઇ રજીત । ગુજરાતનાં વીર કારગિલના રણે

# દેશની માટી માટે પ્રાણ ન્યોછાવર કરનાર કારગિલ યુધ્ધના હીરો મહીસાગર જિલ્લાના ડોળી ગામના રૂમાલભાઇ રજીત

હાલ સમગ્ર રાષ્ટ્રમાં મારી માટી મારો દેશ અભિયાન ચાલી રહ્યું છે. રાષ્ટ્ર સેવામાં પ્રાણ ન્યોછાવર કરનાર સ્વાતંત્ર્ય વીરો , શહીદો અને વર્તમાનમાં દેશ સેવામાં કાર્યરત જવાનોને આ પ્રસંગે સન્માનીત કરવામાં આવી રહ્યા છે. આજે મહીસાગર જિલ્લાના નાનકડા ગામ ડોળીના કારગિલ યુધ્ધના હીરોની વાત કરવી છે કે જેમને દેશની માટી માટે પોતાની જાન ન્યોછાવર કરી દેશની રક્ષામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. કારગિલ યુધ્ધના શહિદ રૂમાલભાઈ રજીતના પત્ની કૈલાશબેન રજીત જણાવે છે કે , અમારે પોતાના ઘરનું કામ ચાલુ હોવાથી રૂમાલભાઈ રજીત બે મહિનાની રજા લઈ તેઓ ગામડે આવ્યા હતા. ત્યારબાદ કારગિલ યુધ્ધ પેહલા અધિકારી દ્વારા ફોન આવતા રૂમાલભાઈ રજીતને તુરંત બટાલિયન પર રિપોર્ટ કરવા જણાવ્યુ હતું અને રૂમાલભાઈ પોતાના ઘરનું ચાલુ કામ છોડી કાશ્મીર ખાતે કારગિલ પહોંચી પોતાની દેશની રક્ષા કાજે તેનાત થયા હતા.

મુખ્યાલય પ્લાટુનના મહત્વના અંગસિગ્નલ કંપનીમાં સાબરકાંઠા જિલ્લાના કિસનગઢના વતની હવાલદાર કાંતિભાઈ સુકાજી કોટવાલ અને મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ડોળી ગામના વતની નાયક રૂમાલભાઈ રવજીભાઈ રજાત નિયુક્ત હતા. યુદ્ધ સમયે બટાલિયન માટે સૌથી મોટો પડકાર બ્રિગેડ મુખ્યાલય અને ઉપર લડી રહેલી કંપનીઓ સાથે સંદેશા-વ્યવ્હાર ટકાવી રાખવાનો હતો. મુશકોહ હિલ પર રેખા પોસ્ટ અને હેલ્મેટ ટોપ જેવા અસંભવ લક્ષ્યો મળ્યા બાદ, પાકિસ્તાન તરફથી સતત થઈ રહેલા શેલીંગ વચ્ચે સિગ્નલ કંપનીએ ટેલીફોન લાઈનો બિછાવી બ્રિગેડ મુખ્યાલય – બટાલિયન મુખ્યાલય - કંપની રીયર વચ્ચે સંપર્ક પ્રસ્થાપિત કર્યો.

અત્યંત ઊંચા અને વિશાળ પર્વતીય પ્રદેશ પર અનેક મોરચે લડી રહેલી રેજીમેન્ટના સૈનિકો માટે એક નાનો સંદેશ જીવન-મરણનો પ્રશ્ન ઊભો કરી શકે છે માટે જયુદ્ધ સમયે ફાઈટીંગ ફોર્સ - કંપની રીયર - બટાલીયન મુખ્યાલય અને બ્રિગેડ મુખ્યાલય વચ્ચેનો સંદેશા વ્યવહાર અવિરતપણે ચાલતો રહેવો જરુરી હતો અને હોય છે.

ટાઈગર હિલની લડાઈમાં આપણા રીયરથી ફાયર થઈ રહેલા રોકેટ લોન્ચરમાંથી એક રોકેટ નાયક જયરામ સિંહની નજીકમાં આવીને ફાટ્યું. જેની ત્વરિત નોંધ લઈને મેજર મોહિત સક્સેનાએ કંપની રીયરમાં પી.આર.સી.-૨૫ રેડિયો સેટ વડે તાકીદે સંદેશ મોકલી આરએલ ફાયર બંધ કરાવ્યો અને આપણા ફાયરથી આપણા જ જવાનોની જાનહાનિ ટળી. દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં બિછાવેલી ટેલીફોન લાઈનોને પાક શેલીંગથી બચાવવાનો કોઈ રસ્તો ન હતો. દુશ્મન શેલીંગથી અવારનવાર ટેલિફોન વાયરોને નુકશાન થઈ જતું. આ વાયરોની મરામત કેવળ દિવસના ભાગે જ થઈ શકતી. પાકિસ્તાનના તીવ્ર બોમ્બમારા વચ્ચે સિગ્નલ કંપનીના જવાનોતેમની સાથે સુરક્ષા માટે બે-ત્રણ હથિયારધારી સાથીઓને લઈને જીવના જોખમે ધોળે દિવસે પર્વતો ફંફોસતા. બંધ થયેલી લાઈનનો વાયર પકડીને ઉપર તરફ ચડતા રહેવાનું અને તૂટ દેખાય ત્યાં સાંધો કરવાનો. અજબ ડ્યુટી હતી ખરું ને ! પરંતુ, એ વાયરોમાંથી પસાર થતા સંદેશાઓ પર જવાનોનો જીવ ટકેલો હતો ૨૦ જૂન ૧૯૯૯ ઉપરી અધિકારીએ ફરજ પરના સિગ્નલમેનને ડેલ્ટા કંપની સાથેનો ટેલિફોનીક સંપર્ક તૂટી ગયો હોવાનું જણાવ્યું. સિગ્નલમેનની સુરક્ષા માટે નાયક રૂમાલભાઈ રવજીભાઈ રજાત અને હવાલદાર કાંતિભાઈ સુકાજી કોટવાલને સાથે મોકલવામાં આવ્યા. નજીકના એક પર્વત પરની પાકિસ્તાન આર્ટીલરીની ઓબ્ઝર્વેશન પોસ્ટ પરથી દૂરબીન માંડીને આપણી ગતિવિધિઓ પર બાજ નજર રાખી રહેલા દુશ્મન આર્ટીઓપીએ તેમને જોઈ લીધા. લાઈન મરામત દળને નિશાન બનાવીને આર્ટીલરી ફાયર ખોલી દીધો. સદભાગ્યે જવાનો સાબદા હતા આર્ટીલરી શેલને પોતાની તરફ આવતો જોઈ ત્રણેય જવાનોએ તેમનાથી ૩૦૦ મીટર છેટેના પર્વતની આડશ લેવા દોટ મૂકી. દુશ્મને એક પછી એક તેમના પર ત્રણ શેલ દાગી દીધાં. દુશ્મન આર્ટીલરી ફાયર તેમનો પીછો કરતો રહ્યો. જિંદગી અને તોપ ગોળા વચ્ચે જાણે લડાઈ જામી. ૨૦ જૂનના આર્ટીલરી ફાયરમાં તો સદનસીબે એ જવાનો બચી ગયા મુખ્યાલય પ્લાટુનના લાઈનમેનના સતત પ્રયાસોને લીધે ૧૨ મહારનો ટેલિફોનીક સંદેશાવ્યવહાર કાર્યરત રહ્યો. ટેલિફોન લાઈનો ચાલુ રાખવાની આપણી જરૂરીયાત કાંતિભાઈ અને રૂમાલભાઈ માટે જીવલેણ નીવડવાની હતી તે કોઈ જાણતું નહોતું અણી ચૂક્યો સો વરસ જીવે પરંતુ કાંતિભાઈ અને રૂમાલભાઈના નસીબમાં એવું નહોતું અને અંતે તેઓ દેશ માટે શહિદ થયા.





રૂમાલભાઈ રજીતની સહાદતની યાદમાં તેમના ગામની પ્રાથમિક શાળાનું નામ તેમના નામ પર કારગિલ વીર શહીદ આર આર રજીત કેન્દ્રવતી પ્રાથમિક શાળા ડોલી રાખવામા આવ્યું છે અને તેમની યાદમાં શાળાના પ્રાંગણમાં તેમનું સ્ટેચ્યું પણ બનાવવામાં આવ્યું છે જેને જોઈ આજે પણ બાળકો પ્રેરીત થાય છે અને દેશસેવા કાજે જવા તત્પર છે.

# "હર ઘર તિરંગા" અંતર્ગત આણંદ ખાતે પોલીસ વિભાગ દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

## ૧૧૧ મીટર લંબાઈના તિરંગા સાથે નીકળેલી તિરંગા યાત્રાથી તિરંગામય બન્યું આણંદ શહેર





**મનીષ પ્રજાપતિ**

। આણંદ, તા.૧૪ ।

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશની સાથે આણંદ જિલ્લામાં પણ "હર ઘર તિરંગા" કાર્યક્રમની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. હર ઘર ત્રિરંગા કાર્યક્રમના માધ્યમથી લોકોમાં દેશદાઝની ભાવના જાગે તે માટે આજે આણંદ ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

૧૧૧ મીટર લંબાઈના તિરંગા સાથેની આ ભવ્ય તિરંગા યાત્રાને સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી મિલિંદ બાપના, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રવીણ કુમાર, નિવાસી અધિક કલેકટરશ્રી આર.એસ. દેસાઈ, પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ તેમજ અગ્રણીશ્રી રાજેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ તિરંગા યાત્રા ટાઉનહોલ, આણંદથી નીકળીને વિદ્યાનગર રોડ ખાતેથી પસાર થઈને, ભાઈકાકા સ્ટેચ્યુ થઈ, શાસ્ત્રી મેદાન ખાતે સમાપ્ત થઈ હતી. જેમાં પોલીસ, હોમગાર્ડ અને ટ્રાફિક પોલીસના જવાનો, એન.સી.સી. કેડેટ્સ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાયા હતા.





અમદાવાદમાં વિવિધ સ્થળ પર ભારતીય ધ્વજની ખરીદી લોકો દ્વારા કરવામાં આવી હતી.

### મહિલા સહિત ૧૦થી વધુ લોકો ઇજાગ્રસ્ત

# ભાવનગરમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે અથડામણ

## હથિયારો લઇને સામ સામે આવેલા બે જૂથોના હૂમલામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી

। ભાવનગર, તા.૧૪ ।

ભાવનગરના કુંભારવાડાના રામદેવ નગર વિસ્તારમાં જૂથ અથડામણની ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના કુંભારવાડા રામદેવ નગર વિસ્તારમાં જૂની અદાવતમાં બે જૂથના લોકો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં મહિલા સહિતના ૧૦ વધુ લોકોને ઈજા પહોંચી હતી. વાસ્તવમાં બંન્ને જૂથના લોકો સમાધાન માટે એકઠા થયા હતા. પરંતુ કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ જતા મામલો બિચક્યો હતો અને બંન્ને જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. હાલ તો ડી.ડિવિઝન પોલીસે સમગ્ર મામલ વધુ તપાસ શરૂ કરી હતી. ગયા મહિને ભાવનગરમાં પાલીતાણા તાલુકાના નવા લોહીચડા ગામે જૂથ અથડામણ થઈ હતી. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા એ દરમિયાન ઝઘડો કરવા આવેલ ટોળું હથિયારો સાથે તૂટી પડ્યું હતું. આ જૂથ અથડામણમાં સમજાવવા માટે વચ્ચે આવેલા મામા અને એમના પરિવાર ઉપર હુમલો કર્યો હતો. બંને પક્ષે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. જો કે ઝઘડાનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. હાલ તો પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ પહેલા પણ ભાવનગરમાં જૂથ અથડામણની ઘટના ઘટી હતી, થોડા દિવસ પહેલા શહેરમાં બે જૂથો વચ્ચે જોરદાર મારામારીની ઘટના ઘટી હતી, હથિયારો લઈને સામ સામે આવેલા બે જૂથોના હૂમલામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. ભાવનગર શહેરમાં દીપક ચોકમાં જોરદાર જૂથ અથડામણની ઘટના ઘટી હતી. અહીં જુગાર રમવાની વાતને લઈને ઝઘડો થયો હતો, ગેરકાયદે પ્રવૃત્તિ સાથે જુગાર રમવાની ના પાડતા મામલો બીચક્યો હતો અને બાદમાં મારામારી થઈ હતી. આ મામલો વધુ ઉગ્ર બનતાં બન્ને જૂથો હથિયારો લઈને આવી ગયા અને આમને સામને મારામારી કરવા લાગ્યા હતા. આ જૂથ અથડામણની ઘટનામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. જોકે, પોલીસ ઘટના સ્થળે આવી જતા મામલો થાળે પડ્યો હતો, તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ભાવનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### રાષ્ટ્રપતિ દ્વારા પ્રસંશનીય સેવા કરનારાઓનું સન્માન

# રાજ્યના ૨૦ સહિત દેશના ૯૫૪ પોલીસને વીરતા પુરસ્કાર

## રાજ્યમાં ૧૮ પોલીસ કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ એનાયત કરવામાં આવ્યાં, જ્યારે બે પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યાં

। અમદાવાદ, તા.૧૪ ।

સ્વતંત્રતા દિવસ, ૨૦૨૩ના અવસરે કુલ ૯૫૪ પોલીસ કર્મચારીઓને પોલીસ મેડલ એનાયત કરવામાં આવ્યા છે. ૦૧ સીઆર પીએફજવાનોને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (પીપીએમજી) એનાયત કરવામાં આવ્યા છે, ૨૨૯ને વીરતા માટે પોલીસ મેડલ (પીએમજી) એનાયત કરવામાં આવ્યા છે. પ્રતિષ્ઠિત સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (પીપીએમ) ૮૨ ને અને ૬૪૨ને મેરીટોરીયસ સર્વિસ માટે પોલીસ મેડલ (પીએમ) એનાયત કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૨૦ પોલીસ અધિકારીઓને મેડલથી સન્માનિત કરવામાં આવ્યાં છે. રાજ્યમાં ૧૮ પોલીસ કર્મીઓને મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ એનાયત કરવામાં આવ્યાં છે. જ્યારે બે પોલીસ કર્મચારીઓને રાષ્ટ્રપતિ મેડલ એનાયત કરવામાં આવ્યાં છે. એડીજીપીગાંધીનગર ખુર્શિદ મંઝર અલી અહેમદ તથા આઈબીઓફિસર વિશાલ ચૌહાણને વિશિષ્ટ સેવા બદલ સન્માન કરાશે.

દર વર્ષે ૧૨ ઓગસ્ટે આ મેડલની જાહેરાત કરવામાં આવે છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૨માં ૨૮ મહિલાઓ સહિત કુલ ૧૫૧ પોલીસકર્મીઓને આ મેડલ આપવામાં આવ્યો હતો. જેમાં સીબીઆઈમાંથી ૧૫, મહારાષ્ટ્ર પોલીસમાંથી ૧૧, મધ્યપ્રદેશ પોલીસ અને ઉત્તર પ્રદેશ પોલીસમાંથી ૧૦, કેરળ પોલીસ, રાજસ્થાન પોલીસ અને પશ્ચિમ બંગાળ પોલીસમાંથી ૮-૮ પોલીસ કર્મીઓને આ સન્માન મળ્યું હતું. ૨૦૨૧માં ૧૫૨ પોલીસકર્મીઓને આ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં તત્કાલિન ગૃહમંત્રી રાજનાથ સિંહે પોલીસકર્મીઓને પ્રોત્સાહિત કરવા માટે જુદી જુદી સેવામાં ૫ પોલીસ મેડલની શરૂઆત કરી હતી. તેમાં ઈન્વેસ્ટિગેશનમાં ઉત્કૃષ્ટતા માટે મેડલ, સ્પેશિયલ ઓપરેશન્સ મેડલ, પોલીસ ઈન્ટરનલ સિક્યુરિટી સર્વિસ મેડલ, અસાધારણ કાર્યક્ષમતા મેડલ અને ઉત્કૃષ્ટ અને અતિ ઉત્કૃષ્ટ સેવા મેડલનો સમાવેશ થાય છે. તપાસમાં શ્રેષ્ઠતા મેડલનો ઉદ્દેશ્ય ગુનાઓની તપાસમાં ઉચ્ચ ધોરણો સાથે નિષ્ઠાપૂર્વક, અસાધારણ સાહસ અને હિંમત દાખવનારા પોલીસકર્મીઓનું સન્માન કરવાનો છે.

### ગુજરાતમાં મેરીટોરીયસ સર્વિસ માટે સન્માનિત પોલીસ અધિકારીઓ

૧. ડૉ. રાજકુમાર પાંડિયન
એડીજીપી( રેલવે)
૨. સંદિપસિંહ: આઈજીપ
(રાવપુરા, વડોદરા)
૩. ગિરિરાજસિંહ જાડેજા
(એડીએસપીસીએમ સિક્યુરિટી)
૪. ફિરોજ શેખ:
(એસીપીઅમદાવાદ શહેર)
૫. જોબદાસ સુર્યનારાયણપ્રસાદ ગેદમ
(એસીપીઅમદાવાદ શહેર)
૬. સુરેન્દ્રસિંહ કુંપાવત
(ડીએસપીપંચમહાલ)
૭. મનોજકુમાર પાટીલ
(સુરત પીએસઆઈ)
૮. પ્રવિણકુમાર દેત્રોજા
(વડોદરા પીએસઆઈ)
૯. ખીમજી ફાફલ
(હેડ કોન્સ્ટેબલ ગાંધીધામ)
૧૦. દિલિપસિંહ સોલંકી
(હેડ કોન્સ્ટેબલ અમદાવાદ)
૧૧. ભાર્ગવ દેવમુરારી
(દેવભૂમી દ્વારકા)
૧૨. રેખાબેન કેલાટકર
(ઈન્ટેલિજન્ટ ઓફિસર, સુરત)
૧૩ ભરતસિંહ ગોહિલ
(પીએસઆઈ સુરત)
૧૪ રાજેન્દ્રસિંહ માસાણી
(આસિસ્ટન્ટ ઈન્ટેલિજન્ટ ઓફિસર ગાંધીનગર)
૧૫. કિર્તિપાલસિંહ પુવાર
(પીએસઆઈ, સુરત)
૧૬. રવિન્દ્ર માલપુરે
(એએસઆઈ, વડોદરા)
૧૭. અશોક મિયાત્રા
(આસિસ્ટન્ટ ઈન્ટેલિજન્ટ ઓફિસર, સુરત)
૧૮. નિતા જાંગાલ
(પીએસઆઈ, ગાંધીનગર)

### અમદાવાદીઓ માટે ઘર આંગણે જ મેડિકલ સુવિધા

# દિવાળી પૂર્વે એકસાથે ૧૦૦ મ્યુનિ. હેલ્થ વેલનેસ સેન્ટરો ધમધમશે

## મ્યુનિ. કોર્પોરેશનનાં ૮૨ અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ૧૨ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોએ પ્રજાનો સાથ મક્કમતાથી નિભાવ્યો હતો

। અમદાવાદ, તા.૧૪ ।

માર્ચ-૨૦૨૦માં આવેલા ઘાતક કોરોનાએ અમદાવાદમાં પણ હાહાકાર ફેલાવ્યો હતો. કોરોના મહામારીની ઝપટમાં આવીને કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. કોરોનાની ફર્સ્ટ વેવ કરતાં પણ એપ્રિલ-૨૦૨૧માં આવેલી સેકન્ડ વેવમાં શહેરના ઘરે ઘરે કોરોનાએ આતંક ફેલાવ્યો હતો. સ્મશાનગૃહોની ચીમની સુધ્ધાં મૃતદેહોના અગ્નિસંસ્કારના પગલે પીગળી જતી હતી. અનેક નામાંકિત ડોક્ટરોનો કોરોનાએ ભોગ લેતાં ખાનગી હોસ્પિટલો તો ઠીક ખાનગી દવાખાનાં પણ ઉજ્જડ ભાસતાં હતાં. તેવા સમયે મ્યુનિ. કોર્પોરેશનનાં ૮૨ અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ૧૨ કોમ્યુનિટી હેલ્થ સેન્ટરોએ પ્રજાનો સાથ મક્કમતાથી નિભાવ્યો હતો. દર્દીઓને ઘરઆંગણે તાવ, શરદી, ખાંસી સહિતના રોગની સારવાર પૂરી પાડવા તંત્રે ખાસ ધન્વંતરિ રથ સેવા શરૂ કરી હતી.

એક સમયે શહેરમાં ૧૨૦ ધન્વંતરિ રથ લોકોની મેડિકલ સહાયતા માટે દોડતા હતા. આવી આશીર્વાદરૂપ સેવાનો લાખો લોકોએ લાભ લીધો હતો. કોરોના દર્દીઓ માટેની સંજીવની રથ સેવા, સિનિયર સિટીઝન રથ સેવા પણ લોકોમાં ખૂબ વખણાઈ હતી. હવે મ્યુનિ. હેલ્થ વિભાગે ઘરઆંગણે મેડિકલ સુવિધાના ઉમદા હેતુને પાર પાડવા શહેરમાં ઠેર ઠેર અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર શરૂ કરવા લીધાં છે. અમદાવાદના લગભગ તમામ સ્લમ વિસ્તારોમાં એક-એક અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર એટલે કે યુએચડબ્લ્યુસી મળીને કુલ ૧૦૦ જેટલાં અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટર દિવાળી પહેલાં ધમધમતાં થઈ જશે.

શહેરમાં જો સિમેન્ટ-કોંક્રીટનાં ભવ્ય એવાં ગગનચુંબી બિલ્ડિંગોથી સમૃદ્ધિનાં ચોતરફ દર્શન થઈ રહ્યાં તો બીજી તરફ રોજેરોજ ગુજરાતના વિભિન્ન વિસ્તાર ઉપરાંત દેશના બિહાર, ઉત્તરપ્રદેશ અને ઓડિશા જેવા દૂર-સુદૂરનાં રાજ્યોમાંથી વખાના માર્યા અને લોકો પેરટિયું રળવા અમદાવાદ આવે છે. આવા લોકોના વસવાટથી ઝૂંપડપટ્ટી એટલે કે સ્લમ એરિયા વધતો જાય છે. એક અંદાજ પ્રમાણે શહેરની ૪૫ ટકાથી વધુ વસ્તી સ્લમ વિસ્તારમાં રહે છે. આવા સ્લમ વિસ્તારને આવરી લેનારા અર્બન હેલ્થ-વેલનેસ સેન્ટરના નવતર અભિગમ હેઠળ અગાઉ ૨૦ સેન્ટર કાર્યરત થઈ ચૂક્યાં છે.

### ચરસના ૧૦ પેકેટ, હેરોઈનનું એક પેકેટ કર્યું જપ્ત

# કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયુ

## સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈ એલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે

। કચ્છ, તા.૧૪ ।

કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયું છે. બીએસએફ દ્વારા જખૌના દરિયાઈ વિસ્તારમાંથી ચરસના ૧૦ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હેરોઈનનું પણ એક પેકેટજપ્ત કરાયું છે. જખૌથી ૧૧ કિલોમીટર દૂર નિર્જન કુંડી બેટ પરથી ૧ કિલોગ્રામના એવા ૧૦ ચરસના પેકેટ અને એક કિલો હેરોઈન ડ્રગ્સનું પેકેટ મળ્યા છે. એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં ચરસના ૫૦ પેકેટ અને હેરોઈનના ૯ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈ એલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે.રવિવારે અબડાસા તાલુકાના જખૌ નજીક આવેલ ખીદરત બેટ નજીક ફરી એક વખત ચરસના ૧૦ પેકેટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. કચ્છના દરિયામાં ભરતી હોય ત્યારે વહેણ સાથે દરિયામાંથી જ અફઘાન બનાવટના ચરસના પેકેટો તરતાં મુકી દેવાય છે. આ પ્રકારે કચ્છના જખૌ આસપાસના બેટ વિસ્તારોમાં પહોંચી ચૂકેલા ચરસના ઘણા પેકેટ્સ અત્યાર સુધીમાં સીમા સુરક્ષા દળની ટૂકડીઓ પકડી ચૂકી છે.સીમા સુરક્ષાદળને પેટ્રોલિંગ દરમિયાન ખીદરતબેટ ટાપુ પાસે એક પીળા કલરની પ્લાસ્ટિકની બેગમાં ૧૦ ચરસના પેકેટ મળી આવ્યા હતા. દરેક પેકેટ ઉપર ઉડતા બાજનું નિશાન જોવા મળ્યું હતું. ૧ કિલોગ્રામના ૧૦ પેકેટ કબજે કરાયા હતા. બિનવારસી હાલતમાં આ પેકેટો મળી આવ્યા હતા. ગુજરાતની તમામ સીમાઓ ઉપર સીમા સુરક્ષાદળ હાઈએલર્ટ પર છે અને જુદા જુદા સ્થળોએ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. એપ્રિલ ૨૦૨૩થી અત્યાર સુધી જખૌ વિસ્તારમાં ૪૦થી વધુ પેકેટો કબજે કરાયા છે. દરિયાઈ વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી છેલ્લા લાંબા સમયાથી થઈ રહી છે. આ પ્રકરણમાં અગાઉ પણ કેટલાક આરોપીઓ ઝડપાઈ ચુક્યા છે. ડ્રગ્સની હેરાફેરી સામે પારાથી થઈ રહી હોવાનું એજન્સીઓ જણાવી રહી છે. ત્યારે આ દિશામાં તંત્ર એલર્ટ મોડમાં જોવા મળે છે. ભારતમાં યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે ગૃહમંત્રાલય પણ આગળ આવ્યું છે અને કડક પગલા લઈ રહ્યું છે. ઉપરાંત જુદા જુદા સ્થળોએ સ્થાનિક પોલીસની મદદાથી ડ્રગ્સ માફિયાઓને ખુલ્લા પાડવા માટે ઝુંબેશ ઉપાડવામાં આવી છે.

# ટામેટાના ભાવમાં ઘટાડો થતા સામાન્ય જનતાને મોટી રાહત

। અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાતની ગૃહિણીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ટામેટા સાથે કોથમીરની આવક વધતા રિટેલ કિંમતોમાં રાહતજનક ઘટાડો થયો છે. છેલ્લા ઘણા સમયથી આસમાને પહોંચેલા ટામેટાના ભાવમાં હવે ઘટાડો આવતા ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૦૦ રૂપિયાએ પહોંચેલા ટામેટાનો ભાવ અત્યારે ૧૨૦ રૂપિયા થયો છે. આગામી સમયમાં ટામેટાના ભાવમાં હજુ પણ ઘટાડો થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

૨૦૦ રૂપિયાએ પહોંચેલા ટામેટાનો ભાવ ૧૨૦ રૂપિયા થયો થોડા દિવસ અગાઉ હોલસેલમાં ટામેટાનો પ્રતિ કિલો રૂ.૨૦૦ને વટાવી ગયેલો ભાવ અત્યારે જથ્થાબંધ બજારમાં ૮૦ રૂપિયા પ્રતિકિલોએ પહોંચ્યો છે. જ્યારે છૂટક બજારમાં પણ ટામેટાના ભાવમાં ઘટાડો નોંધાયો છે.

# નેફ્રોલોજિસ્ટોએ ૧૦૦થી વધુ દર્દીઓનું ફ્રીમાં ડાયાલિસિસ કર્યું

। અમદાવાદ, તા.૧૪ ।

ગુજરાત નેફ્રોલોજિસ્ટ એસોસિએશન દ્વારા પીએમજેએવાયડાયાલિસીસના ભાવ કાપના વિરોધમાં તારીખ ૧૪થી ૧૬ ઓગસ્ટ સુધી પીએમજેએવાયયોજના અંતર્ગત ડાયાલિસીસ આખા ગુજરાતમાં બંધ રાખવામાં આવ્યું હતું. સોમવારે ગુજરાતના બધા શહેરોમાં મોટી સંખ્યામાં દર્દીઓ તેમજ ડાયાલિસીસ ટેકનીશીયનો દ્વારા કલેક્ટર તેમજ મામલતદાર ઓફિસમાં આવેદનપત્ર આપવામાં આવ્યા હતા.દર્દીઓએ એવી રજૂઆત કરી હતી કે, ૮૦% પીએમજેએવાયડાયાલિસીસ પ્રાઈવેટ હોસ્પિટલોમાં કરવામાં આવે છે. જો ઘટાડેલા દરના લીધે પ્રાઈવેટ હોસ્પિટલોમાં પીએમજેએવાયડાયાલિસીસ બંધ થઈ જાય તો સરકારી હોસ્પિટલ આ સુવિધા આપી શકશે ? આ ત્રણ દિવસમાં કોઈપણ ડાયાલિસીસ દર્દીને કોઈ તકલીફ ના થાય તેની ગુજરાત નેફ્રોલોજીસ્ટ એસોસિયેશન દ્વારા વિષેશ કાળજી લેવાઈ છે.

મનીષ પ્રજાપતિ મો. 70966 59890
આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે



ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨